Published from : B/5, Swastik Apt.
Narayannagar, Paldi, Ahmedabad - 380 007

Published on 10th of every month
Yearly Subscription Rs. 50/-

हरिः ॐ

# હરિભાવ

Year : 21 - Issue : 9

June, 2017



આપણા કોઈ પ્રાણપ્રિયને બોલાવતાં કેટલો આનંદ આપણને થાય છે ! એનાથી હજારગણું વહાલ (ખરું જોતાં તો સરખામણી જ ન થઈ શકે) 'હરિઃૐ' બોલતાં થવું જોઈએ. એવું થાય તો આપોઆપ કામ થાય જ.

શ્રીભગવાન સાથેનો (અંગત સંબંધ) આપણે પ્રાર્થનાની પરંપરાથી કેળવ્યા કરવાનો છે.

- શ્રીમોટા

*'જીવન પગરણ', બી. આ., પૃ. ૪૧*





આપણા દરેક કામનું અનુસંધાન પરમાત્માની પ્રીતિ અર્થે જ હોવું જોઈએ. પ્રેમ-ભાવ-શ્રદ્ધાથી-ક્લેશ-કંટાળા વિના સમતાપૂર્વક શ્રીભગવાનનું સ્મરણ કરતાં કરતાં જે કામો બને, તે દેવપ્રિય બને છે. તેનાથી સાધકની ચિત્તશુદ્ધિ સહેજે થાય છે.

જે જે શ્વાસ ભગવાનના નામસ્મરણ સાથે વ્યતીત થયા હોય તેટલી જ પળો માનવજન્મની મનાય, બાકી પશુતા છે.

-શ્રીરંગ અવધૂત

*'નર્મદા પરિક્રમા અને શ્રીરંગ મિલન', ૮મી આ., પૃ. ૧૨૧*

**પ્રકાશન સ્થળ :**
બી/૫, સ્વસ્તિક ઍપાર્ટમેન્ટ,
નારાયણનગર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭

**'હરિવાણી ટ્રસ્ટ' દ્વારા પ્રકાશિત જીવનવિકાસની ભાવના પ્રસારતું માસિકપત્ર**

# હરિભાવ

સંપાદક : **પ્રભુદાસ જાની**
સહાયક : **વિવેક દેસાઈ**

**વર્ષ : ૨૧ અંક : ૯ જૂન, ૨૦૧૭**

**ટ્રસ્ટીમંડળ**
શ્રી ગિરીશ પંડ્યા (મૅનેજિંગ ટ્રસ્ટી)
શ્રી પ્રભુદાસ જાની, શ્રી વિવેક દેસાઈ
શ્રી બીરેન પટેલ
શ્રીમતી દર્શિની સુનીલ ઉપાધ્યાય
શ્રીમતી નીમા મીનેષ અમીન

**સરનામાના ફેરફાર અંગે, 'હરિભાવ' ન મળવા અંગે તથા પૂછપરછ માટે સંપર્ક : શ્રી સુરેશ વૉરા**
**Mo. / SMS / Whatsapp - 9427554391**

**વાર્ષિક લવાજમ**
ભારતમાં રૂ. ૫૦/-
પરદેશ રૂ. ૯૦૦/- (ઍરમેઈલથી)
એકથી પાંચ વર્ષ સુધીનાં લવાજમ સ્વીકારાય છે.

**પત્રવ્યવહાર/લવાજમ/ભેટ/મોકલવા માટે**
'હરિવાણી ટ્રસ્ટ', C/o. ૧૧, દાદા રોકડનાથ સોસાયટી, નારાયણનગર, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન : (૦૭૯)૨૬૬૩૫૮૭૩
ભેટની રકમ ઈન્કમટૅક્સ ઍક્ટની કલમ ૮૦(જી) (૫) નીચે કરરાહતને પાત્ર છે.
ચેક/ડીડી 'હરિવાણી ટ્રસ્ટ' ના નામે લખવો

**ઈ-બૅંકિંગ : ખાતાનું નામ : 'હરિવાણી ટ્રસ્ટ'**
યૂકો બૅંક, નારાયણનગર બ્રાંચ, અમદાવાદ-૩૮૦૦૦૭
બચત ખાતા નં.: **૧૬૮૭૦૧૦૦૦૦૩૦૮૮**
IFS Code : UCBA0001687
બૅંક દ્વારા રકમ મોકલતાં તેની સ્લીપ, નામ, સરનામું અને ફોન નંબર સાથે વિગત અમોને મોકલશોજી.
Email : hariwanitrust@gmail.com

**હરિઃૐ આશ્રમ, સુરતની વેબસાઈટ**
**www.hariommota.org** ઉપર
**હરિભાવ ઉપલબ્ધ હોય છે.**
**ફોન : (૦૨૬૧)૨૭૬૫૫૬૪, ૨૭૭૧૦૪૬**

* Subject to Ahmedabad Jurisdiction

ટાઈપ સેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર, મો.:૯૩૨૭૦૩૬૪૧૪**

## અનુક્રમ

૧. આધ્યાત્મિક માર્ગે ગેરલાભ નથી ................ શ્રીમોટા ૪
૨. ગુરુની શોધમાં ..................... સ્વામી પ્રકાશાનંદજી ૫
૩. મૌનનિવેદન .....................રજનીભાઈ બર્માવાળા ૬
૪. સ્વપ્નાવસ્થા અને આત્માની સ્થિતિ ............. શ્રીમોટા ૭
૫. રાજવિલાસી સત્પુરુષ રંગનાથ અને નારાયણ મહારાજ ................................ શ્રીઉપાસની મહારાજ ૮
૬. અમેરિકામાં સ્વજનોનો મિલન સમારંભ ...........સંપાદક
૭. શ્રી માતાજી સંક્ષિપ્ત જીવનચરિત્ર (૧) .. અનુ. કિરીટ ઠક્કર ૧૦
૮. આત્મનિવેદનથી હળવા થવાય છે ............... શ્રીમોટા ૧૨
૯. સરદારપુત્રી કુ. મણિબહેન ............... જોસેફ મેકવાન ૧૩
૧૦. અપેક્ષા અશાંતિની જનેતા છે ..........શ્રી ડોંગરે મહારાજ ૧૬
૧૧. પંચીકરણ ................................ શ્રીરામબાવા ૧૭
૧૨. મૌનમંદિરથી શાળાના ઓરડા સુધી ......... જિતેન્દ્ર દેસાઈ ૧૯
૧૩. નર્મદા પરિક્રમા : અનુભવ અને ચિંતન ..સ્વામી પ્રેમાનંદજી ૨૨
૧૪. તમારા પ્રારબ્ધના ઘડવૈયા તમે પોતે જ છો ....... શ્રીમાન વિશ્વવંદ્ય ૨૪

## સૌજન્ય

પૂજ્ય શ્રીમોટા જેઓને પ્રાથમિક કક્ષાના અભ્યાસમાં સહાયક-માર્ગદર્શક રહેલા એવાં સદ્‌ગત **માતુશ્રી તારાબહેન**
અને
પોતાના દાંપત્ય જીવનના પ્રારંભે તેમ જ વ્યાવસાયિક રીતે ગાંધીજી દ્વારા પ્રસ્થાપિત સંસ્થા 'નવજીવન'ના પદાધિકારી તરીકે જેઓને પૂજ્ય શ્રીમોટા તરફથી શુભેચ્છાઓ પ્રાપ્ત થઈ હતી, એવા સદ્‌ગત પિતાશ્રી **જિતેન્દ્ર ઠાકોરભાઈ દેસાઈ**ની પુણ્યસ્મૃતિમાં શ્રી વિવેક દેસાઈ પરિવાર તરફથી 'હરિભાવ'ના આ અંકના પ્રકાશનમાં અમોને સહયોગ પ્રાપ્ત થયો છે, તે બદલ આ દેસાઈ પરિવાર પ્રત્યે અમો આભારની ભાવના વ્યક્ત કરીએ છીએ.

\- સંપાદક

## (૧) આધ્યાત્મિક માર્ગે ગેરલાભ નથી

**શ્રીમોટા**

હિમાલયની ઊંચામાં ઊંચી ટોચ ઉપર ચઢવું હોય, તો ચઢવાની દશામાં માત્ર ચઢ ચઢ કરવાનું બન્યા કરતું હોય છતાં ત્યાં ઊતરવાનું પણ આવ્યા કરે છે, પરંતુ તે તો ઊતરવાની દશામાં આપણે ચઢવાના માર્ગ ઉપર છીએ એનું આપણને સતત ભાન રહે છે.

આપણે બધાં જીવદશામાં દ્વંદ્વની રમતમાં છીએ અને પ્રકૃતિની પકડમાં છીએ. એટલે જીવદશાની ગતિમાં ચઢઊતર તો વારંવાર થયા જ કરવાની. જેણે ચઢીને ઉપર પહોંચવાનો મરણિયો દૃઢ નિશ્ચય કરેલો છે, તેવો માનવી ચઢે જ રાખે છે.

ઉપરનું વર્ણન સ્થૂળ ચઢાઈનું છે તેમ છતાં આધ્યાત્મિક માર્ગના ચઢાણને એ આબેહૂબ લાગુ પડે છે. જે પ્રકારનો જેવો પ્રયત્ન, ગતિ અને દિશા હોય, તે પ્રકારના સંસ્કાર ચિત્તમાં પડવાના. એટલે આ માર્ગમાં જે પુરુષાર્થ કરીશું, તે ફળવાનો જ છે એમ નિશ્ચે જાણવું. જીવદશાના બીજા કોઈ પ્રકારના પુરુષાર્થમાં સ્થૂળ પ્રકારના લાભ અને ગેરલાભ બન્ને સાથે સાથે સમાયેલા છે. જ્યારે **આધ્યાત્મિક માર્ગના પ્રયત્નમાં માત્ર લાભ જ છે, ગેરલાભ નથી.** આપણે પૂરેપૂરું દિલ રેડીને મચ્યા રહેતાં હોઈશું, તો ત્યાં નિરાશાને કશું સ્થાન નથી.

**આપણી આ ભવની પ્રકૃતિની ગતિ અને દિશા જેવા પ્રકારની હોય, તેવા પ્રકારનો આપણો પુનર્જન્મ નિશ્ચિત છે, તે પણ નક્કી.** જે કોઈ જીવને ઉચ્ચ પ્રકારની ઉત્કટ લગની જે કોઈ એક વિષયમાં લાગે, તેવા જીવનો જન્મ વહેલો જ થાય, એટલે કે તુર્ત થાય, એવું ગણિતશાસ્ત્ર કોઈ સ્થૂળ વિષયની બાબતમાં ઉત્કટ લગની લાગે તો તેવાનો જન્મ વહેલો થાય તેમ પણ નથી.

પરંતુ વિષયની ઉત્કટ પ્રકારની લાગણી જેટલા પ્રમાણમાં વધારે સાત્ત્વિક તેટલા પ્રમાણમાં તેનો જન્મ વહેલો થાય, તેવું કંઈક ખરું. અને આધ્યાત્મિક માર્ગની જેને લગની લાગેલી છે, એવા જીવનો જન્મ બીજા પ્રકારના જીવ કરતાં ઘણો વહેલો થાય છે એવો અનુભવ છે.

બીજા પ્રકારના લોકોને જન્મ લેતાં પહેલાં ઘણું ઘણું અટવાવું પડે છે. તે પ્રકારની મૂંઝવણ, ગૂંગળામણ, અકળામણ અને લોલુપતાની ઉત્કટ દશામાંથી આધ્યાત્મિક માર્ગની લગનીવાળો જીવ વહેલો બચી જાય છે. મતલબ કે તેવી દશામાં તેને પડી રહેવું પડતું નથી, એ એક ઘણો મોટો લાભ જીવને છે.

જીવની હરકોઈ દશામાં આપણે પતનની પળમાં છીએ, ખીણમાં છીએ કે ચઢઊતરની દશામાં છીએ, એનું ભાન તે તે વેળા જો જીવને થયા કરે તો પતનની વેળામાંથી તે સવેળા જાગૃત થઈ જાય.

પોતાનું હૃદયનું સ્વજન ભલેને હોય, પણ તેના વિચારો જો ઘણા ઘણા આવ્યા કરે અને તે સ્વજન જો જીવદશાવાળું હોય તો તેવું તેનું મનનચિંતવન જે થતું હોય, તે દશા સાધકને માટે પતનની વેળાની છે. એમ સમજવું અને એવા પ્રકારના બીજા વિષયોનું મનનચિંતવન થાય તેનું પણ એમ જ સમજવું. એટલે બીજી સર્વ કોઈ પ્રવૃત્તિ આપણે કરતાં હોઈએ છતાં આપણું મનન તો આપણા અસલના કામમાં જ લાગુ રહેલું હોય તેવી રીતે જીવવાની કળા સાધકે શીખવાની રહે છે. જેને પડવાનું ભાન રહે છે તે ઝટ ઊભો થઈ શકે છે. **જેને પડવાનું ભાન જાગે છે, એને સાધક કહી શકાય.**

'જીવનસોપાન', બી.આ., પૃ. ૫ ❑

# (૨) ગુરુની શોધમાં

**સ્વામી પ્રકાશાનંદજી**

બેલગામમાં મારા એક ઓળખીતા લશ્કરમાં સૂબેદાર હતા. તેમનાં પત્ની ઉત્તમ રૂપગુણયુક્ત હતાં. તેઓનો દેહાંત થતાં તેમની દહન ક્રિયામાં હું સામેલ હતો. જ્યારે તેમનું સુંદર શરીર શબરૂપે અગ્નિમાં બળવા લાગ્યું, ત્યારે તે સમયની સ્થિતિ જોઈ શારીરિક-ભૌતિક પદાર્થો પર મને ઘણો અનાદર થયો અને છેવટે શરીરની આ દશા થવાની છે એવું મનમાં આવ્યાથી, મારા પોતાના શરીર ઉપર જ ઘણી ગ્લાનિ ઉત્પન્ન થઈ, અને મનમાં નિશ્ચય કર્યો કે સંસારવહેવારમાં પડવું નહિ. મનમાં એવું થવા લાગ્યું કે કોઈ બ્રહ્મનિષ્ઠજી ગુરુ મળે તો તેમનું શરણ ગ્રહણ કરી આ સંસારરૂપી જન્મમરણથી મોકળો થાઉં.

એક અંગ્રેજી માસ્તર દત્તોપંત કે જેમણે વેદાંતનો સારો અભ્યાસ કર્યો હતો અને જેમને ઘણા લોકો ગુરુ તરીકે માનતા હતા, તેમને મેં ઉપલી હકીકત જણાવી. તેઓને મેં કહ્યું, 'ઉપદેશક તો ઘણા લોકો છે અને તેઓના સમાગમમાં પણ હું આવ્યો છું, પરંતુ મને કોઈના ઉપર આસ્થા બેસતી નથી, કારણ કે ઘણા ગૃહસ્થ અને ત્યાગીઓ વાચાળ હોય છે, પણ અનુભવી કોઈ દેખાતા નથી.'

દાસોપંતે મને જવાબ આપ્યો કે જો **તમારામાં તીવ્ર જિજ્ઞાસા હશે તો ગુરુ પોતે જ આવી તમને ઉપદેશ કરશે. ગુરુને શોધવાની કોઈ જરૂર નથી.** આ વાત ઉપરથી મેં બેત્રણ મહિના રાહ જોવાનો નિશ્ચય કર્યો અને દરમિયાન જો કોઈ બ્રહ્મનિષ્ઠ ગુરુ ન મળે, તો પછી તેમની શોધમાં ઘર છોડી બીજે ઠેકાણે ચાલ્યા જવું એવું મનમાં નક્કી કર્યું.

એટલામાં આશરે પંદર દિવસની અંદર હું વાસુદેવરાવને ત્યાં ગયો હતો. ત્યાં શ્રી નિવાસરાવ પણ બેઠા હતા. પ્રસંગ નિકળતાં વાસુદેવરાય કહેવા લાગ્યા. 'અહીં હજૂર ડેપ્યુટી કલેક્ટર આવ્યા છે, તે જ્ઞાની છે, અમે દર્શન માટે ગયા હતા', મેં તેમને પૂછ્યું : 'આપને પ્રથમથી જ તેમની પિછાન છે ?' તેમણે કહ્યું : 'ના.' તો પછી તેઓ જ્ઞાની છે, તેની આપને ક્યાંથી ખબર ? એવા મારા પ્રશ્નમાં તેઓએ સ્પષ્ટતા કરી કે શ્રી નિવાસરાવ મુંબઈથી ગાડીમાં આવતા હતા ત્યારે બ્રહ્મચારી શ્રી સુખાનંદજી મહારાજ તેમની સાથે ગાડીમાં હતા. વાતચીત દરમ્યાન શ્રી સુખાનંદજી મહારાજ કહેવા લાગ્યા 'બેલગામમાં હજૂર ડેપ્યુટી કલેક્ટર લલ્લુભાઈ ગોરધનદાસ છે, તેમને ત્યાં જાઉં છું.' સ્ટેશન પર ઊતરતી વખતે શ્રી નિવાસરાવે શ્રી સુખાનંદજીને કહ્યું, 'અત્યારે લલ્લુભાઈ સાહેબ કચેરીમાં ગયા હશે, તો તમે મારે ત્યાં ચાલો અને સાંજના તેમના આવવાના વખતે અમે આપને એમને બંગલે પહોંચાડીશું.'

સાંજના શ્રી નિવાસરાવના તેમના પુત્ર ગોવિંદરાવ અને હું શ્રી સુખાનંદજીની સાથે લલ્લુભાઈને બંગલે ગયા. અમારી ઓળખાણ કરાવી અને પછી જમતી વખતે અમને શ્રી સુખાનંદજીએ ભલામણ કરી કે 'લલ્લુભાઈ સાહેબ ઘણા જ્ઞાનવાન છે, માટે સમાગમ અર્થે વખતોવખત તમારી ફુરસદે એમની પાસે આવતા જવું.'

ગુરુવર્ય ખાનદેશથી બદલી થવાથી બેલગામ આવ્યા તે પછી બે ત્રણ મહિને હું બેલગામ આવ્યો હતો. મને કોઈ વખત તેમની મુલાકાતનો

**(અનુસંધાન પાન નં.૨૫ ઉપર)**

## (૩) મૌનનિવેદન

રજનીભાઈ બર્માવાળા

પૂજ્ય શ્રીમોટાની વિરલ મૌનસાધના માટે મૌનમંદિરમાં સ્વજનો સાત, ચૌદ કે એકવીસ દિવસ જેવા સમય માટે બેસતા હોય છે. પૂજ્ય શ્રીમોટાનું પણ કથન છે કે જે સ્વજન મૌનમાં બેસે તેને માટે પૂજ્ય શ્રીમોટા સાથે સંકળાવાનો મહામોંઘામૂલો પ્રસંગ/અવસર છે. મૌનાર્થી મૌનરૂમમાં ટકી રહે, મનોમંથન અનુભવે અને શ્રદ્ધા દૃઢ થાય એ માટે જે તે મૌનાર્થીની ભૂમિકાની રીતે અલૌકિક અનુભવો પૂજ્ય શ્રીમોટા પ્રેરતા રહે છે. આવા અનુભવ અનેક મૌનાર્થીના છે. કેટલાકે તે વ્યક્ત કર્યા પણ છે.

તા.૨૬-૭-૨૦૧૫ થી તા.૨-૮-૨૦૧૫ એમ સાત દિવસ માટે મૌનરૂપ નં.૧માં અનુષ્ઠાન માટે મારે બેસવાનું થયું હતું. પૂજ્ય શ્રીમોટા તેમના દેહની હયાતીમાં આ રૂમમાં રહેતા હતા, એ દૃષ્ટિએ આ રૂમનું આગવું મહત્ત્વ અનેક સ્વજનના દિલમાં છે.

તા.૩૧-૭-૨૦૧૫ના રોજ ગુરુપૂર્ણિમાનો મહિમાવંત દિવસ હતો. તેની આગલી સાંજે એટલે કે તા.૩૦-૭-૨૦૧૫ના ગુરુવારની સાંજે આશ્રમના રસોડામાંથી મૌનાર્થીઓને અપાતા પ્રસાદની થાળી મને પણ અપાઈ હતી. તે સાંજે ભાખરી અને મગ સાથે થોડાંક ફળ હતાં. ભાવનાનુસાર પૂજ્ય શ્રીમોટાને ભોજન-પ્રસાદ ધરાવ્યા બાદ પ્રાર્થના કરીને જ્યારે ભોજનનો પ્રારંભ કર્યો ત્યારે થાળીમાંની એક ભાખરી ઉપર સ્પષ્ટ રીતે દૃષ્ટિએ પડતા **પ્રણવમંત્ર 'ૐ'નાં દર્શન થયાં.** ભાખરીને શેકવાથી તેના ઉપર નાનાં મોટાં ચકામાં પડતાં હોય છે, પરંતુ આ આખી ભાખરીમાં ક્યાંય કોઈ ચકામાં ઊપસ્યાં નહોતાં અને માત્ર 'ૐ'નો સ્પષ્ટ આકાર ઊપસી આવેલો નજરે પડતો હતો. એટલે આ ભાખરીને એક બાજુએ રાખી અન્ય ભાખરી મગ અને ફળનો પ્રસાદ પૂર્ણ કર્યો.

મન શંકાશીલ હોય છે. એટલે રસોડામાં ભાખરી ઉપર 'ૐ' ઊપસે એ પ્રકારની કોઈ હાથની ચેષ્ટા તો થઈ નહિ હોયને ? એ માટે આશ્રમના રસોડામાં પૂછાવી જોતાં સ્પષ્ટતા થઈ કે રોજની જેમ કુદરતી રીતે-સહજતાથી ભાખરીઓ શેકાઈ છે અને ખાસ એવી ભાખરી મૌનરૂમ-૧માં આપવાનો કોઈને ઇરાદો પણ નહોતો.

મૌનમાંથી નીકળ્યા પછી આશ્રમવાસી એક સેવકને ભાખરી બતાવી હતી. એ ભાખરી ઉપર નજરફેરથી જોતાં ચાર પાંખડીઓ સાથેના કમળનો આકાર પણ એમણે મને બતાવ્યો. વિશેષ દૃષ્ટિકોણથી જોતાં એ સેવકે ત્રિશૂળનો પણ સ્પષ્ટ આકાર ઊપસી આવતો બતાવ્યો. પૂજ્ય શ્રીમોટાની હસ્તરેખામાં સ્પષ્ટ રીતે ત્રિશૂળ અને કમળનાં ચિહ્નો હોવાની જાણકારી છે.

પૂજ્ય શ્રીમોટા મૌનાર્થીને અનેક પ્રકારના લીલા પ્રસંગોનો અનુભવ કરાવતા હોય છે. પૂજ્ય શ્રીમોટાના રહેણાંકવાળો મૌનરૂમ, અન્ય મૌનરૂમના બદલે આ રૂમમાં જ આ પ્રકારની ભાખરી પીરસાય, વળી ગુરુપૂર્ણિમાની આગલી સાંજે ગુરુવારે આ ઘટના બને અને સ્વપ્રશસ્તિ તરીકે નહિ છતાં હકીકતે પૂજ્ય શ્રીમોટાએ જ ટ્રસ્ટી તરીકે મને ટ્રસ્ટીમંડળમાં સ્થાન આપેલું આવા અનેકાનેક તાણાવાણાથી આ ઘટનાનું રહસ્ય અનેકગણું અનુભવાયું છે.

અંતે તો જેની જેવી શ્રદ્ધા કે બુદ્ધિ એ પ્રમાણેના એના અનુભવ રહેવાના. આ ઘટના મારી મોટાઈ બતાવવા નહિ પણ મૌનરૂમનો એક ખાસ અનુભવ આલેખવા આ નિવેદન છે.

(મૌનનિવેદન ઉપરથી સંપાદિત) ❑

# (૪) સ્વપ્નાવસ્થા અને આત્માની સ્થિતિ

**શ્રીમોટા**

આપણે (ખરી રીતે શરીરથી) ઊંઘતાં હોઈએ છીએ, ત્યારે પાંચ કર્મેન્દ્રિયો અને પાંચ જ્ઞાનેન્દ્રિયો પણ બાહ્યપણે તો જડ જેવી બનેલી રહે છે. ત્યારે આપણે કાનથી સાંભળતાં હોતાં નથી, આંખથી જોતાં નથી, નાકથી સૂંઘતાં નથી, જીભથી સ્વાદ લેતાં નથી, ત્વચા (ચામડી)થી સ્પર્શ કરતાં નથી. તેવી જ રીતે પાંચ કર્મેન્દ્રિયોથી અને જ્ઞાનેન્દ્રિયોથી પણ કશું કરતાં લાગતાં હોતાં નથી, પરંતુ તે ઇંદ્રિયોનું સૂક્ષ્મ ભાવાત્મક ચેતનસ્વરૂપ (Ebstract essence) અંતરમાં સૂક્ષ્મ દેહ સાથે ત્યારે કેંદ્રિત થયેલું રહ્યા કરે છે.

મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહંકાર પણ ત્યારે ઊંઘતાં હોતાં નથી, પરંતુ શરીરનું ઊંઘવાપણું બનેલું હોવાથી તેમની તેજસ્વિતાની માત્રા ઘણી વધેલી હોય છે. તેથી, સ્વપ્નમાં આપણે બધીયે ઇંદ્રિયોથી કામમાં પરોવાયેલાં કે કામ કરતાં હોઈએ તેવું જણાય છે, તે વખતે જે ઇચ્છા જાગે તે ઇચ્છાનું પરિણામ તાત્કાલિક ભોગવતાં હોઈએ છીએ એવું પણ લાગે છે. ઇચ્છાની સાથે જ (જોકે તે ઇચ્છા ચિત્તમાં પડ્યા રહેલા સંસ્કારો પ્રમાણેની હોય છે) આપણે તે તે પરિણામમાં પડેલાં દેખાઈએ છીએ. આપણે એક સ્થળેથી બીજે સ્થળે તાત્કાલિક પહોંચી જઈએ છીએ. આમ, સ્થાનનો ભેદ રહેતો નથી.

વળી, સ્વપ્નાવસ્થામાં આપણે માત્ર થોડી પળોમાં જે જે ભોગવ્યાં કરેલું હોય છે, તે તે બધું જો દિવસના જાગ્રત કાળમાં તે જ રીતે ભોગવવાનું આપણે હોય તો એનાથી તો કેટલાયે ગણો વધારે કાળ લાગે જ.

આ ઉપરથી સમજાય છે કે સ્વપ્નાવસ્થામાં સ્થળ અને કાળની મર્યાદા ઘણી ઘટી જાય છે.

સ્વપ્નાવસ્થામાં આમ હોય તો આત્માની સ્થિતિમાં તો સ્થળ અને કાળ સપૂચાં ન રહે, એ બુદ્ધિથી સમજી શકાય તેવું છે, સ્વપ્નાવસ્થામાં સૂક્ષ્મ દેહમાં (એટલે કે વાસના દેહનાં) પાંચ કર્મેન્દ્રિયો, મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહંકાર એ બધાં શરીરનાં સ્થૂળ જાગ્રત સ્પર્શ વિનાનાં હોવાથી તેમની સૂક્ષ્મતા વધે છે.

તો જો ભગવાનની ભાવનામાં તે બધું રમતું થઈ જાય તો તેમની સૂક્ષ્મતાનો તો ત્યારે પાર જ ન આવે. આ બધી બુદ્ધિની કોરી સમજણ છે, પરંતુ તે હકીકત જેવું બને છે, તેવું બતાવવા માટે આ વિગતો જણાવેલી છે.

આવું દરેક જીવાત્મા જાતે અનુભવી શકે છે અને બુદ્ધિથી પાકું સમજી શકે છે એટલે સ્થળ અને કાળ એ બન્નેનો લોપ થઈ જવો શક્ય છે, એ બુદ્ધિમાં ઊતરી શકે એવી હકીકત છે. ❑

'જીવનયોગ ભાગ-૧', પૃ. ૨૮

---

**કોઈની અવગણના કરવી નહિ**

**સંતભક્તોનાં જીવનચરિત્રો વાંચી જુઓ. જગતે તેમની અવગણના કરેલી છે, અને તેમની કદરભક્તિ તો બહુ જ થોડા જીવોએ દાખવેલી છે. બધાંનો પ્રેમભાવ લેવાને જે કોઈ ભટકે છે, તેનાથી આ માર્ગનું કશું વળી શકવાનું નથી. આપણે તો એકમાત્ર એનો પ્રેમભાવ મેળવવો છે. તેમ છતાં આપણે કોઈની અવગણના પણ કરવાની નથી.** **-શ્રીમોટા**

'જીવનદર્શન', ૧૧મી આ., પૃ.૨૭૭

---

# (૫) રાજવિલાસી સત્પુરુષ રંગનાથ

**શ્રીઉપાસની મહારાજ**

રંગનાથ સ્વામી એક રાજવિલાસી સત્પુરુષ થઈ ગયા.

એકવાર કાશીનો એક બ્રાહ્મણ રંગનાથ સ્વામીનાં દર્શને આવ્યો. તેણે મહારાજ ક્યાં છે એમ પૂછ્યું, એટલે તેને કોઈએ કહ્યું કે આ જે મોટો મહેલ છે તેમાં ઉપરના મજલે તે છે. બ્રાહ્મણને મનમાં થયું કે સાધુને વળી મહેલ ? આમ વિચારી તેઓ ઉપલે મજલે પહોંચી ગયા.

બ્રાહ્મણે ત્યાં જોયું તો મજલો ઉત્તમ રીતે શણગારેલો હતો. મહારાજ એક પલંગ ઉપર સૂતા હતા. સુંદર સ્ત્રીઓ તેમની સેવા કરતી હતી. સ્ત્રીઓ મહારાજને આલિંગન આપે અને મહારાજ પણ સ્ત્રીઓને આલિંગન આપે છે. આ જાતનું વિલાસભર્યું બધું ચાલતું જોઈને ભટજીને થયું કે આ તો ઢોંગી, દુરાચારી, વ્યભિચારી છે.

રંગનાથ સ્વામી ભટ્ટજીના ભાવને ઓળખી ગયા, પરંતુ આ આવ્યો જ છે તો એનો પણ ઉદ્ધાર કરવો જોઈએ એવો વિચાર કરી, ભોજનની તૈયારી કરાવી. સર્વે સ્ત્રીઓ માટે ચાંદીની થાળી પાસે બીજી એક થાળી ભટ્ટજી માટે પણ મુકાવી અને તેમને બોલાવ્યા. ભટ્ટજી બોલ્યા, 'મેં હજી સ્નાન કર્યું નથી. ઉપરાંત, આ અપવિત્ર અન્ન કેમ ખવાય ?'

રંગનાથ મહારાજે કહ્યું કે આજના દિવસ પૂરતા ભ્રષ્ટ તો થયા. જમી તો લો. પછી તો સ્ત્રીઓના સમુદાયમાં પાન, અત્તર, ગુલાબ ઈત્યાદિ પણ ભટ્ટજી લેવા લાગ્યા. સ્વામીજીએ ભટ્ટજીને પૂછ્યું, 'ભટજી કઈ બાજુ આવ્યા હતા ?' ભટ્ટજીએ કહ્યું, 'આપની યોગ્યતા સાંભળી આપનાં દર્શન માટે આવ્યો હતો, પણ ફસાયો. અહીં સંતપુરુષનાં કોઈ જ ચિહ્ન દેખાતાં નથી. અમે તો ગંગાતીરના બ્રાહ્મણ, અમારાથી આ ભ્રષ્ટાચાર જોવાતો નથી.'

રંગનાથ સ્વામીએ કહ્યું કે તમને જો અહીં આટલો ભ્રષ્ટાચાર લાગે છે તો પછી, હું કઈ રીતે પાવન થઈશ ? ભટ્ટજી બોલ્યા કે છોડો આ બધું, બાંધો લંગોટી અને ચાલો મારી સાથે કાશીએ. રંગનાથ મહારાજે તો તે પ્રમાણે તુરત જ લંગોટી બાંધી, ભટ્ટજી આગળ અને રંગનાથ સ્વામી પાછળ. ભક્તમંડળીએ પૂછ્યું કે ક્યાં જાઓ છો ? ત્યારે સ્વામીજીએ કહ્યું, 'જવાનો ક્યાં ? આ બ્રાહ્મણની ગમ્મત કરીને જલદી જ પાછો આવું છું.'

બ્રાહ્મણ, રંગનાથ સ્વામીની સાથે ચાલી શકતા નહોતા. એટલે એ પાછળ પડી ગયા. બે વચ્ચે બેત્રણ માઈલનું અંતર પડી ગયું. એટલે સ્વામી એક ઝાડ નીચે ભટ્ટજીની વાટ જોતા બેઠા. એટલામાં ક્યાંકના કોઈ એક રાજા તેના પરિવાર સાથે સ્વામીનાં દર્શન માટે જતા હતા ત્યારે એક ભોમિયાએ રાજાને કહ્યું કે તમારું ભાગ્ય મોટું છે, એટલે તમને દર્શન આપવાં સ્વામી જ સામેથી આવ્યા છે.

રાજાએ તુરત જ સ્વામી માટે તંબુ બંધાવી, જરજરી રેશમી કપડાં પહેરાવી સ્વામીને પલંગ ઉપર બેસાડી રાણી સહિત રાજા પોતે સેવામાં લાગી પડ્યા. આવી રીતે સર્વ વિલાસ ચાલુ હતો ત્યારે ભટ્ટજી પૂછતાં પૂછતાં આવ્યા કે આવો કોઈ એક લંગોટીઓ અહીંથી જતો જોયો છે ?

કોઈકે કહ્યું કે તે તો તંબુમાં છે. ત્યાં જઈ ભટ્ટજીએ જોયું તો સ્વામીની પહેલાં જેવી જ સ્થિતિ હતી.

સ્વામીએ ભટ્ટજીને પાસે બોલાવ્યા અને રાજાને કહ્યું કે આ બ્રાહ્મણ ખૂબ વિદ્વાન છે, ત્યારે રાજાએ તેમની પણ તે પ્રકારની વ્યવસ્થા કરી. થોડાક સમય પછી સ્વામીએ કહ્યું, ‘હવે ચાલવું છેને ભટ્ટજી ?’ ભટ્ટજી બોલ્યા કે, મહારાજ આ બધી તમારી શી ભાંજગડ છે તે સમજાતું નથી. સ્વામીએ કહ્યું કે એટલા બધા સહવાસભર્યા ઘરબારની મેં દરકાર કરી નહિ, તો આ તો થોડા સમયે પૂરતો વૈભવ છે. મને એની શી કિંમત ? ચાલો આપણે આગળ જઈએ.’

છેવટે રંગનાથ સ્વામીએ ભટ્ટજીને સમજાવીને કહ્યું કે હું કેવળ શૂન્યરૂપ એટલે કે નિર્લેપ છું. સર્વ કંઈ આપોઆપ આવે છે ને આપોઆપ ચાલ્યું જાય છે. તારે તો લંગોટી પણ છે. મારે તો તે પણ નથી. તાત્પર્ય કે રાજવિલાસી કહો કે ભિખારવિલાસી કહો, સત્પુરુષ દ્વારા જગતને ખૂબ લાભ થાય છે. ઊલટા જાઓ કે સૂલટા જાઓ.

નારાયણ મહારાજ મુંબઈ જાય ત્યારે અંજનીબાઈ નામે એક વેશ્યાને ઘેર રહે છે. આવી બાઈને ત્યાં તેણે ઊતરવું એ જોનારને, નિંદકને, વિસંગત જ દેખાય. નારાયણ મહારાજને જોઈને ત્યાં આવનારા સેંકડો લોગ ઉત્તમમાં ઉત્તમ કપડાં, દાગીના, હીરાની વીંટી, રેશમી ગાદી નાખેલા બૂટ લાવી મહારાજને પહેરાવે છે. મહારાજ ત્યાં પોતાની ઇચ્છાથી તો તે કાંઈ કરતા નથી. મહારાજ તો જેવું હોય તેવું એવી સ્થિતિમાં રહે છે.

‘શ્રીઉપાસની વાક્સુધા’, ભાગ-૫, બી.આ. પૃ.૭૩ ❑

## (૬) અમેરિકામાં સ્વજનોનો મિલન સમારંભ

**સંપાદક**

પૂજ્ય શ્રીમોટાનાં સ્વજન દંપતી સદ્‌ગત ડૉ. કોકિલાબહેન અને સદ્‌ગત ડૉ. રમેશભાઈ પટેલ કે જેઓએ સુરતના તેઓના નિવાસસ્થાન ‘સેવાસદન’ ખાતે પૂજ્ય શ્રીમોટાનાં સ્વજનોનો મિલન સમારંભ યોજ્યો હતો. તેમના અમેરિકા નિવાસી સુપુત્ર ડૉ. પાર્થ અને તેમનાં ધર્મપત્ની શ્રીમતી પિંકલ, હરિઃૐ સત્સંગમંડળ ન્યુજર્સી, યુ.એસ.એ. ના સહયોગથી 58, Meadow Lane, Berlin, CT ખાતે તારીખ ૨૪-૬-૨૦૧૭ને શનિવારે બપોરના એકથી સાંજના છ વાગ્યા સુધી સ્વજનોનો મિલન સમારંભ યોજી રહેલ છે. નામસ્મરણ, પ્રાર્થના, ભજન, ગુરુવંદના અને પ્રસાદનો કાર્યક્રમ રહેશે.

ઉલ્લેખનીય છે કે પૂજ્ય શ્રીમોટાના આદેશ અને કૃપા સહાયથી જેઓ વર્ષોથી નામસ્મરણ ખાસ કરીને સુરત ખાતે જપયજ્ઞમાં પ્રવૃત્ત સ્વજન શ્રી જયંતીભાઈ જાની આ કાર્યક્રમમાં સહભાગી થવા તા.૧૪-૬-૨૦૧૭ના રોજ ત્યાં જઈ રહ્યા છે. વિશેષ જાણકારી માટે સંપર્ક :-

| | | |
|---|---|---|
| Parth Patel | : | 860-878-1093 |
| Kartikey Amin | : | 609-586-4217 |
| Nipul Patel | : | 732-725-9672 |
| Fenny Patel | : | 703-901-6231 |

## (૭) શ્રીમાતાજી-સંક્ષિપ્ત જીવનચરિત્ર (૧)

**અનુ. કિરીટ ઠક્કર**

શ્રી માતાજીનો જન્મ પૅરિસમાં ૨૧મી ફેબ્રુઆરી, ૧૮૭૮ના રોજ થયો હતો. શ્રી માતાજીના પિતાનું નામ મૉરિસ અલ્ફાસા હતું અને તેઓ તુર્કીશ બૅન્કર હતા. શ્રી માતાજીનાં માતુશ્રી મેથીલડે ઈસમોલુ કરો. ઈજિપ્તના રહેવાસી હતાં. આમ માતાજી તુર્કીશ-ઈજિપ્શિયન વંશનાં કહેવાય. આ બન્ને દેશો પૂર્વ અને પશ્ચિમના જગતોની મધ્યમાં, બન્ને જગતોના પ્રવેશદ્વારો ઉપર સ્થિત થયેલાં છે.

શ્રી માતાજીનું નામ 'મીરા' રાખવામાં આવ્યું હતું. તેમનો ઉછેર થયો પૅરિસમાં. શ્રી માતાજીના જન્મ અગાઉ એક વર્ષ પહેલાં તેમનાં માતાપિતા ફ્રાન્સમાં આવી સ્થાયી થયાં હતાં. મીરાએ બાળપણ દરમ્યાન જ પોતાના જીવનના વિશિષ્ટ હેતુ વિશે સભાનતા કેળવી લીધી હતી. તેમના શબ્દોમાં :-

'મેં ધ્યાન કરવાની અથવા તો કહો કે યોગ કરવાની શરૂઆત મારી ૪ વર્ષની ઉંમર હતી ત્યારથી જ કરી દીધી હતી. મારે માટે એક નાનકડી ખુરશી તૈયાર કરવામાં આવી હતી. એ ખુરશીમાં હું સ્થિર મુદ્રામાં, ધ્યાનમગ્ન અવસ્થામાં બેસતી. પછી મારા મસ્તકમાં તેજસ્વી પ્રકાશ ઊતરી આવતો અને મગજની અંદર ખળભળાટ મચી જતો. અલબત્ત, મને એ અંગે કંઈ સમજ પડતી ન હતી, અને મારી ઉંમર પણ એ બધું સમજવા જેટલી ન હતી, પરંતુ ધીરે ધીરે મને એ પ્રકારની લાગણી થવા લાગી હતી કે મારે કોઈ ખૂબ જ મહાન કાર્ય કરવાનું છે કે જે કાર્ય વિશે હજુ સુધી કોઈને કશો ખ્યાલ પણ આવ્યો નથી.'

પાંચ વર્ષની ઉંમરે જ મીરા એ વાતે સભાન બની ચૂકી હતી કે પોતે આ જગતની નથી અને તેની ચેતના તે માનવીય ચેતના નથી. પોતાની આધ્યાત્મિક તાલીમની પોતાની સાધનાની શરૂઆત પણ મીરાએ એ જ ઉંમરે કરી દીધી હતી. મીરાની 'મા' જે પોતે એક બુદ્ધિવાદી સન્નારી હતાં તેઓએ એક વખત જ્યારે મીરા નાનકડી ખુરશીમાં બેસીને ધ્યાન કરી રહી હતી ત્યારે મીરાને પૂછ્યું હતું કે તું આમ ગંભીર બની જઈ જાણે કે આખા જગતનો ભાર તારે જ વહન કરવાનો હોય એમ શા માટે બેસી રહે છે ?

મીરાએ આ પ્રશ્નનો પ્રત્યુત્તર વાળતાં જણાવ્યું હતું કે, 'હા, મને લાગે છે કે મારે આખા જગતની પીડાઓનો ભાર વહન કરવાનો છે.' પાછળથી શ્રીઅરવિંદ આશ્રમમાં વિદ્યાર્થીઓને એક વખત શ્રી માતાજીએ જણાવ્યું હતું કેઃ-

'આપણને કોઈ દોરીઓ વડે ખેંચતું હોય અને આપણી ઈચ્છા હોય કે ન હોય, તે વસ્તુ આપણે કરવી પડતી હોય એવી એ એક અણગમતી લાગણી છે, અને તમને ખેંચનાર કોણ છે એ પણ તમે જોઈ શકતા ન હો, એ વસ્તુ તો ચીડ ચડાવે તેવી હોય છે. ... તે સમયે હું એવી કોઈ વ્યક્તિને ઓળખતી પણ ન હતી કે જે મને મદદ કરી શકે. બધી વસ્તુઓ મારે જાતે શોધી કાઢવી પડી હતી અને મેં શોધી કાઢી પણ હતી ખરી. મારી ઉંમર પાંચ વર્ષની હતી ત્યારે મેં શરૂઆત કરી હતી.'

મીરા પોતે લખતાં વાંચતાં શીખી, શાળામાં ભણવા પણ ગઈ. આઠ વર્ષની ઉંમરે મીરાએ ટૅનિસની રમત શીખવાની શરૂઆત કરી હતી. પોતાની ઉંમરના સાથીઓ સાથે રમવાને બદલે મીરાએ વધુ અનુભવી એવી મોટી ઉંમરના ખેલાડીઓ સાથે રમવાનું પસંદ કર્યું.

મીરા બાર વર્ષની ઉંમરે પૅરિસની નજીક આવેલાં જંગલોમાં એકાંતમાં ફરવા જતી હતી. તેમના જ શબ્દોમાં :-

'તે ઘણું જૂનું જંગલ હતું. તેમાં બે હજાર વર્ષ જૂનાં વૃક્ષો હતાં. હું કોઈ એક વૃક્ષ નીચે શાંતિથી બેસી ઊંડા ધ્યાનમાં ગરકાવ થઈ જતી. એ સમયે હું એ વૃક્ષો સાથે મારે નિકટનો ગાઢ પરિચય હોય એમ હું અનુભવતી અને મને એનાથી અપાર આનંદ થતો. એ વૃક્ષો સાથે મારી ચેતના આદાન-પ્રદાન કરતી તથા એ વૃક્ષો ઉપર બેઠેલાં પક્ષીઓ તેમ જ ખિસકોલીઓ નીચે ઊતરી આવી મારી એકદમ નજીક આવી મારા શરીર પરથી રમતાં રમતાં ભય પામ્યા વગર પસાર થઈ જતાં... એક વખત એક જૂનું વૃક્ષ કાપી નાખવાની વાતો થતી હતી અને જ્યારે હું એ વૃક્ષ નીચે બેસવા ગઈ ત્યારે મેં એ સ્પષ્ટપણે અનુભવ્યું હતું કે એ વૃક્ષને પોતાના ઉપર આફત આવનાર સંકટનો ખ્યાલ આવી ગયો હતો અને તે એ નિર્દયતાને અટકાવવા મને આજીજી કરી રહ્યું હતું.'

મીરાએ ૧૨ વર્ષની ઉંમરે જ ગૂઢવિદ્યામાં રસ કેળવવાનું શરૂ કરી દીધું હતું. '૧૧ થી ૧૩ વર્ષની ઉંમર દરમ્યાન શ્રેણીબંધ ચૈતસિક તેમ જ આધ્યાત્મિક અનુભવો દ્વારા મને એ દર્શન પ્રાપ્ત થયું હતું કે ઈશ્વરનું અસ્તિત્વ છે, એટલું જ નહિ પણ માનવ એની સાથે ઐક્ય સાધી શકે છે, પોતાની ચેતનામાં અને કાર્યમાં એનો પૂર્ણ સાક્ષાત્કાર પામી શકે છે, તેમ જ દિવ્ય જીવન દ્વારા પૃથ્વી ઉપર એનો આવિર્ભાવ કરી શકે છે. એ રહસ્ય પણ મારી સમક્ષ પ્રગટ કરવામાં આવ્યું હતું.'

આ દર્શનની સાથે સાથે એની પરિપૂર્ણતા માટે જરૂરી એવી વ્યવહારુ સાધના પણ મને મારી ઊંઘ દરમ્યાન અનેક શિક્ષકો દ્વારા આપવામાં આવતી અને એ શિક્ષકોમાંના એક સ્વરૂપ સાથેનો મારો આધ્યાત્મિક તેમ જ ચૈતસિક સંબંધ સ્પષ્ટ થતો ગયો અને એ હંમેશનો બની ગયો.

ભારતીય તત્ત્વજ્ઞાન તેમ જ હિંદુ ધર્મ વિશે મીરા તે સમયે કશું જ જાણતી ન હતી. છતાં એ વિશિષ્ટ સ્વરૂપને તે 'કૃષ્ણ' તરીકે ઓળખતી હતી. ઉપરાંત, તેણે તે સ્વરૂપનું એક ચિત્ર પણ દોરી લીધું હતું. મીરાને એ વાતની ખબર પણ હતી કે તેને પોતાને એક દિવસ પૃથ્વી ઉપર જ એ સ્વરૂપનો મેળાપ થશે.

મીરાની ઉંમર સાત વર્ષની હતી ત્યારે એક તેર વર્ષનો ગુંડા જેવો એક છોકરો હંમેશાં છોકરીઓની મશ્કરી કર્યા કરતો હતો. તેમ જ તેમનું અપમાન કર્યા કરતો હતો. મીરાની ચેતવણી છતાં એ છોકરાએ હરકતો ચાલુ રાખી હતી. એક વખત અચાનક જ મીરાએ એ છોકરાને પકડીને, ઊંચકીને જમીન ઉપર પછાડી દીધો. મીરામાં તે સમયે અલૌકિક શક્તિનું અવતરણ થયું હતું. પાછળથી શ્રીમાતાજીએ એ વિશે સમય આવતાં કહેલું કે તે મહાકાલીની શક્તિ હતી, દિવ્ય ચંડી શક્તિ. (ક્રમશ:)

શ્રીમાતાજી સંક્ષિપ્ત જીવનચરિત્ર અંગ્રેજી લેખક વિલફ્રેડ. ગુજરાતી અનુવાદ કિરીટ ઠક્કર. છઠ્ઠી આવૃત્તિ ❑

## (૮) આત્મનિવેદનથી હળવા થવાય છે

**શ્રીમોટા**

આત્મનિવેદન એટલે ખુલ્લા થવું એટલું જ નહિ. આત્મનિવેદન એમ ને એમ નહિ થાય, પણ આપણને વારંવાર જે મુશ્કેલીઓ આવતી હોય, એ મુશ્કેલીઓ જ્યારે બહુ વિચાર કરતાંય ટળતી ન હોય એના પહેલાં એને માટે પુરુષાર્થ કર્યો હોય, કંઈ ને કંઈ આપણે મથામણ કરી હોય અને એ મથામણથી કાંઈ ફળ મળે નહિ, કોઈ પણ વિચાર કર્યો પણ પત્તો ખાય નહિ, એવી સ્થિતિમાં ભગવાનને આપણે વાત કરવી. આ શું શું થયું, એની બધી વાત કરીએ. **ભગવાનને બધું જ કહેવું જોઈએ.** અથથી ઇતિ સુધીની બધી જ વાત ભગવાનનાં ચરણકમળમાં આપણે ધરવી જોઈએ.

કોઈ કહેશે કે, 'ભગવાન ક્યાં સાંભળે છે ?' પણ એ વિચાર આપણે ન કરવો, કેમ કે આપણે જે વાત ભગવાનને કરી એથી આપણું મનહૃદય હળવું થાય છે, એટલું જ નહિ, પણ એ થઈ રહ્યા પછી - કહી રહ્યા પછી એક પ્રકારની એમ્પ્ટીનેસ (ખાલીપણું) આપણામાં પ્રગટે છે. સરળતા પ્રગટે છે અને એને લીધે આપમેળે કોઈક રસ્તો સૂઝી આવે છે, ત્યારે હું પણ ભગવાને સુઝાડ્યું એમ માનતો, પણ ખરી રીતે ભગવાને સુઝાડ્યું હોતું નથી. પણ સાયકોલોજીકલી (માનસશાસ્ત્રની દૃષ્ટિએ) આવું થાય છે અને એ પ્રમાણે આપણે વર્તીએ તો પરિણામ બરોબર સારું આવે છે.

કેટલીક વખતે આવી રીતે ભગવાનને નિવેદન કરતાં કરતાં, પ્રાર્થના કરતાં કરતાં આપણામાં કોઈક ને કોઈક રસ્તો એની પ્રેરણાને લીધે સૂઝે છે. એથી એવી રીતે કામ કરવાથી બે-ત્રણ-ચાર વાર સફળ થઈએ એટલે આત્મનિવેદનની પદ્ધતિમાં આપણને વધારે વિશ્વાસ આવે છે. એમાં વિશ્વાસ બેસે પછી આપણું કામ સારું ચાલે છે. એમાં પણ આપણને એકદમ બધું જ સાચું નીવડે છે એવું નથી હોતું. **પાયામાં વિશ્વાસ જોઈએ.**

**આત્મનિવેદનથી એક ફાયદો તો છે જ કે 'તમે હળવા ફૂલ થઈ જાઓ છો.** નિશ્ચિંત થઈ જાઓ છો.' અને મન હળવું થઈ જતાં જે સૂઝે છે એથી ઘણો આનંદ થાય છે. ત્યારે કેટલાક તો એમ માની લે છે કે, 'આ તો ભગવાને સુઝાડ્યું' પણ ભગવાન કંઈ સુઝાડતા નથી આ તો ડિફરન્સ (તફાવત) બતાવવા માટે વાત કરું છું. ભગવાને સુઝાડ્યું એમ માનવાથી કંઈ ગેરલાભ નથી, લાભ જ છે. પણ આવો ભેદ છે ખરો. કેવળ બધું જ ભગવાન કરે છે એમ હોતું નથી. પણ જે સંપૂર્ણ ભક્ત હોય તે સામાન્ય રીતે ભગવાનને તસ્દી નથી આપતો. પણ એનું મગજ પ્યોર હોય છે એટલે આપમેળે એને ઉકેલ મળી આવે છે. ભક્ત, સંસારી કામ માટે માગતો નથી, કેમ કે 'મારું કામ બધું થયે જશે !' - એવો એને વિશ્વાસ છે.

નરસિંહ મહેતાના છોકરાનું લગ્ન ધામધૂમથી થયેલું. વેવાઈને ખબર નહિ કે નરસિંહ મહેતા આટલો ગરીબ હશે. જાન આવી ત્યારે જૂનાગઢના લોકો નરસિંહનો ઠઠ્ઠો જોવા ભેગા થયેલા.

આપણે પૂરેપૂરા ભક્ત થયા ન હોઈએ ત્યાં સુધી ભગવાનને જે તે વાત કહેવામાં વાંધો નહિ. જેવી રીતે બાળક મા પાસે ગમે તે માગે. બાળકનો સ્વભાવ જ હઠનો. આપણે એની અમુક હઠ પોષવી જોઈએ તો એનું અહમ્ સારું થાય. તમે જો પાંચ વર્ષ સુધી એના કહ્યા પ્રમાણે ન કરો તો બાળક મોટો થઈ 'એસર્ટીવ' નહિ થાય. અમારે હરિજનોનાં છોકરાઓને ભણાવવાના હતા. એટલે અમારે જાણવું પડેલું. ગાંધીજીએ કહેલું કે 'એમ ને અમ ન ચાલે. બધું વાંચો. ખાસ કરીને મૉન્ટેસોરીનું લખાણ વાંચેલું.

'અન્વય-સમન્વય', પ્ર.આ., પૃ. ૪૫ ❑

# (૯) સરદારપુત્રી કુ. મણિબહેન

**જોસેફ મેકવાન**

સરદાર વલ્લભભાઈ પટેલ વિશે ઘણું લખાયું છે. એ નરપુંગવની પડખે રહેલ એકનિષ્ઠ સેવાવ્રતધારિણી અને મૌન-મૂક ત્યાગ કરનાર સરદારપુત્રી કુ. મણિબહેનનું જીવન ઐતિહાસિક હકીકત હોવા છતાં એની નોંધ બહુ ઓછી લેવાઈ છે.

સફળ ઉદ્યોગવીર શ્રી ઘનશ્યામદાસ બિરલા એકમેવ ભાવે પૂજ્ય બાપુને ચાહતા હતા. એટલા જ અદકા ભાવે તેઓ સરદાર પટેલનોય સ્નેહાદર કરતા હતા. એમની નોંધણીમાંથી સરદારપુત્રી મણિબહેન વિશે જે નવનીત નીતરે છે, તેમાંથી મળતી વિગતોના આધારે આ પ્રયાસ છે.

૧૯૪૫ના શિયાળાની વાત છે. દિલ્હીમાં ગાત્રો થિજાવતી ઠંડી પડી રહી હતી. સરદાર પોતે તો ખાદીનું એક પહેરણ ને એના પર એક ગરમ જાકીટ ચડાવી ઠંડીનો સામનો કરી લેતા હતા. મણિબહેનની જરૂરિયાત તો એથીય ઓછી હતી. ખાદીની જાડી સાડી અને એના પર એક સફેદ સ્વેટર એમને બસ થઈ પડતાં.

મણિબહેનનો દેહ તો બેઠી દડીનું કદ અને માંસલતા વિનાનો જીર્ણકાય દેહ, પણ એમની વ્યવસ્થા અદ્ભુત ! હરેક ચીજવસ્તુને યથાસ્થાને એ જ ગોઠવતાં. સરદાર સાહેબના હરેક કાર્યનું એ ભારે ચીવટથી સમાયોજન કરતાં. બાપ-દીકરી બન્ને સમયપાલનમાં એકદમ ચુસ્ત. એ સાથે મહેમાનની સગવડ-અગવડનું પણ એટલું ધ્યાન રખાતું કે ક્વચિત્ અતિથિનેય સંકોચ પમાડતું.

સરદાર સાહેબ અઠંગ કર્મઠ જણ હતા. એમનું દિમાગી મશીન હરદમ ચાલ્યા કરતું. એ મોટાભાગે ઓરડામાં ટહેલતા રહેતા. બેસવાની એમને આદત જ નહિ. અચાનક એ બોલી પડતા કે અમુકને બોલાવો તો.. મણિબહેન બરાબર સમજી જતા કે કોને બોલાવવાના છે. મણિબહેન એવા અનેકના ટેલિફોન નંબરની યાદી પોતાના મગજમાં સંઘરી રાખતા. પછી ભલેને એ સજ્જન પુનામાં હોય કે ક્યારેક મુંબઈ, કલકત્તા, નાગપુર યા પેશાવરમાં હોય. સરદારને બીજી વખત સામું પૂછ્યા વિના એ પોતાની ફરજમાં મંડી પડતાં.

આજીવન મણિબહેનનું લક્ષ્ય શું રહ્યું હતું એ જો એમને ખુદને પૂછવામાં આવ્યું હોય તો એ ક્યારેય કશી સ્પષ્ટતા ના કરી શકત, કારણ કે મનુષ્ય જ્યાં સુધી પોતે જ પોતાનું અધ્યયન કે આત્મચિંતન નથી કરી શકતો ત્યાં સુધી એ પંડે પણ નથી પામી શકતો કે પોતે શું છે ?

મણિબહેનના જીવનનું એકમાત્ર લક્ષ્ય એમના જનક જ બની રહ્યા હતા. સૂર્યાસ્ત પછી સરદારને એમનો પડછાયો પણ વિશ્રામ માટે છોડી દેતો હશે, પરંતુ એમના પરનો મણિબહેનનો પહેરો તો ચોવીસેય કલાક ચાલ્યા જ કરતો.

નિયમાનુસાર કેબિનેટની બેઠક હોય એવે ટાણે મણિબહેન કક્ષની બહાર બેસીને એમની ભાળ રાખ્યા કરતાં, એ જ રીતે સરદાર સંસદમાં જતા ત્યારે પ્રેક્ષક દીર્ઘામાં તેઓ કોઈ પણ પ્રકારના સંકોચ વગર બેસતાં હતાં.

સરદારનો નિત્ય કાર્યક્રમ શૌચ સ્નાનાદિથી પરવારી ફરવા જવાનો રહેતો. એમનું ચાલવું તેજ કદમી-અત્યંત ઝડપી. બેત્રણ માઈલ સવારે, એટલાં જ સાંજે. સરદારની આ તેજ કદમ ચાલમાં

કૃશકાય મણિબહેન પણ સાથે જ રહેતાં. સરદાર જ્યારે પહાડી મુલકમાં હવાફેર માટે જતા ત્યારે સવાર-સાંજનું મળીને તેમનું ચાલવાનું ત્રીસેક કિલોમિટર જેટલું થઈ જતું. આવા વખતે પણ મણિબહેન સરદારના પગ દબાવતાં ચાલતાં. લગીરેય ઘસડાતાં નહિ કે ના તેમને હાંફ ચડતો. એમના દેહકૌવતની આ હતી ધૃતિશિલતા ! આહારવ્રતનું પાલન અને સંકલ્પદઢતા એમના મનોબળનું જોમ હતાં.

હૃદયરોગના હુમલા પછી સરદાર સાથે મણિબહેનનુંયે ચાલવાનું બંધ થઈ ગયું. હવે સરદાર કેવળ મોટરમાં જ ઘૂમતા. મણિબહેન એમાંય સાથે જ હોય. જે સરદારનો કાર્યક્રમ એ જ પુત્રી લેખે મણિબહેનનો. એક ક્ષણ પણ પિતાને એ રેઢા ના મૂકતાં.

સરદાર સ્નાન કરવા જતા ત્યારે મણિબહેન રેંટિયો લઈ બાથરૂમના બારણા નજીક બેસી જતાં. એક આંખ સૂતર ઉપર અને બીજી આંખ સ્નાનગૃહ પર. સરદાર બહાર નીકળે અને બેઠક ખંડમાં જાય ત્યારે મણિબહેન પણ રેંટિયા સાથે ત્યાં પહોંચી જતાં. કંતાઈનું ભારણ એટલું કે બેય બાપ-દીકરીની એક વર્ષની ખાદી એમાંથી જ વણાઈ રહે.

ગાંધીજીને મળ્યા તે પહેલાં સરદારનું જીવન અલગ જ પ્રકારનું હતું. પછી એકી ધડાકે બધું છોડ્યું. એક રીતે મણિબહેનનો ત્યાગ અલગ પ્રકારનો. ભોગને સ્પર્શ્યા સુધ્ધાં નહોતાં.

સરદાર સાથે સંસદ ભવનમાં જઈ મણિબહેન એમનાં વ્યાખ્યાનોની નોંધ લેતાં. સરદારની તમામ ટપાલ એમની નજર તળેથી પસાર થતી. મુલાકાતોની સૂચિ પણ એ જ રાખતાં અને રાત્રે આખા દિવસની ‘ડાયરી’ પણ લખતાં. સરદારને ઊંઘમાંય ખાંસી આવે તો તરત જ હાજર થઈ જતાં અને છતાં પિતાની પહેલાં ઊઠી જવાનો નિત્યક્રમ. એક નાનકડા દેહે એ પુત્રી, ચાકર, મંત્રી, ધોબી અને અંગરક્ષકનો રોલ અદા કરી રહ્યાં હતાં. એમની પિતૃભક્તિ સર્વથા મૌન મૂક હતી. તો સામે પક્ષે સરદારનું પુત્રી-વાત્સલ્ય પણ અનુપમ-અબોલ હતું. એકવાર મણિબહેન બીમાર પડ્યાં ને સરદારની મૂક જબાનના બંધ છૂટી પડ્યા : **‘એ મરી, તો હુંયે મર્યો જ જાણજો’** જોકે સરદાર તો દીકરીના પહેલાં જ ગયા.

સરદાર અંતિમ બીમારીમાં સપડાયા ત્યારે મરણશય્યા પર પડ્યાં-પડ્યાં ગણગણ્યા કરતાં : ‘મંગલ મંદિર ખોલો, દયામય ! મંગલ મંદિર ખોલો !’ આ દરમ્યાન પણ પિતા-પુત્રીનું એ ચિરકાલીન મૌન તો એમનું એમ જ રહ્યું. સરદારે દીકરીને ક્યારેય ના જ કહ્યું કે હવે હું સંચરીશ ત્યારે તારે આ કે તે કરવાનું છે અને મણિબહેનેય પિતાને ના જ પૂછ્યું કે ‘હવે પછીનો આપનો શો આદેશ છે ?’ એ રીતે બન્ને પૂરેપૂરાં ઈશ્વરવાદી જ ઠરી રહ્યાં. સર્વકાંઈ ભગવાનને સુપરત કરી દઈને બન્ને નિશ્ચિંત બની રહ્યાં.

સને ૧૯૫૦ના શિયાળામાં દિલ્હી છોડી મુંબઈ પહોંચ્યા અને ત્રીજે જ દિવસે ‘મંગલ મંદિરનાં દ્વાર’ ઊઘડી ગયાં. સરદારે પ્રાણ છોડ્યા ત્યારે પણ મણિબહેનનો સમ્યક વિવેક અખંડ રહ્યો. દર્શનાર્થીઓની ભારે ભીડથી બધા જ ખંડ ભરાઈ ગયા ત્યારે ખુદ મણિબહેન જ વ્યવસ્થામાં લાગી ગયાં. મિત્રોનો આગ્રહ હતો કે સરદાર સાહેબના દાહસંસ્કાર ચોપાટી પર સંપન્ન કરીએ ત્યારે મણિબહેન બોલ્યાં કે ‘મુંબઈના દરેક ગરીબ માણસના અંતિમ સંસ્કાર સોનાપુરમાં જ થાય છે. તો મારો બાપ બીજે ક્યાં જાય ?’ છતાં

લોકોનો આગ્રહ ચોપાટી માટે ચાલુ રહ્યો ત્યારે મણિબહેને અચળ અવાજે જણાવ્યું, 'હું સરદાર સાહેબની દેહજા જ નથી, આત્મજા છું. એ શું ચાહતા કે ઇચ્છતા હતા તે મારાથી વિશેષ કોઈ ન જાણી શકે. સૌ સમજી લો કે હું મારા બ્રહ્મલીન પિતાની જ ઇચ્છા વ્યક્ત કરી રહી છું.' આખરે સોનાપુરમાં જ પ્રજ્વળીને સરદારનો મૃતદેહ આ દેશના સર્વસાધારણ જણની ભસ્મ સાથે ભળી ગયો.

દિલ્હીમાં 'શાંતિ ઘાટ' છે, 'વીજઘાટ' છે, 'શક્તિઘાટ' છે, પણ સરદારના વંશ-વારસોએ કે મણિબહેને આ દેશને એક સૂત્રે બાંધી વિશાળ રાષ્ટ્રનું નિર્માણ કરનાર સરદાર પટેલ માટે 'રાષ્ટ્રઘાટ' કે એવી કોઈ અપેક્ષા નથી સેવી. ભારતીય ઇતિહાસે હજી સરદાર-કર્તૃત્વની તુલા કરવાની બાકી છે.

કથાઓમાં પિતૃભક્ત પુત્રો મળે છે, પતિપરાયણ સાવિત્રી, સીતા પણ મળે છે. સેવકમાં હનુમાન અને ભાઈઓમાં ભરતનું સ્થાન શ્રેષ્ઠ છે, પરંતુ પિતા પર અનન્ય નિષ્ઠા રાખનાર સર્વથા નિઃસ્પૃહા મણિબહેન જેવી બીજી કોઈ દીકરી પેદા થઈ જાણી નથી.

'સરદાર જ્યોત', જાન્યુ.-ફેબ્રુ.૨૦૧૭ માંથી સાભાર સંકલન ❑

## 'હરિવાણી ટ્રસ્ટ'ને મળેલ ભેટ

-સંપાદક

મે-૨૦૧૭ના 'હરિભાવ'માં જગ્યાના અભાવે જે ભેટનો ઉલ્લેખ કરવો બાકી રહેલ તે દાનભેટની વિગત

| ક્રમ | સર્વેશ્રી નામ | ગામ | રકમ રૂ. |
|---|---|---|---|
| ૧. | પન્નાબહેન ડી. વૈદ્ય | સુરત | ૩૦૦/- |
| ૨. | વિરેન એન. વ્યાસ | કેનેડા | ૩૦૦/- |
| ૩. | કેશવી વિરેન વ્યાસ | કેનેડા | ૩૦૦/- |
| ૪. | વિરેન્દ્ર એન. કોઠારી (જન્મદિન) | અમરેલી | ૨૫૦/- |
| ૫. | પી. એલ. વ્યાસ | વડોદરા | ૨૫૦/- |
| ૬. | પરિમલ ભૂપેન્દ્રભાઈ જોષી | સુરત | ૨૫૦/- |
| ૭. | પ્રમોદભાઈ પટેલ | લવાછા | ૨૦૧/- |
| ૮. | પ્રભુભાઈ રતનભાઈ પટેલ | લવાછા | ૨૦૧/- |
| ૯. | જયદેવીબહેન મહીપતરાય વૈદ્ય | સુરત | ૨૦૦/- |
| ૧૦. | મહેશ રણછોડભાઈ મગનભાઈ રાણા | ગાંધીનગર | ૧૫૧/- |
| ૧૧. | મંદાકિની મનોજકુમાર તમાકુવાલા | સુરત | ૧૫૦/- |
| ૧૨. | ખેતા ભીમા | નવી મુંબઈ | ૧૧૦/- |
| ૧૩. | જગદીશભાઈ એ. શાહ | અમદાવાદ | ૧૦૧/- |
| ૧૪. | અમર વસી | સુરત | ૧૦૦/- |
| ૧૫. | જગદીશભાઈ શાહ | સુરત | ૧૦૦/- |
| ૧૬. | પ્રદીપ પ્રમોદરાય યાજ્ઞિક | અમદાવાદ | ૫૧/- |

## (૧૦) અપેક્ષા અશાંતિની જનેતા છે

**શ્રી ડોંગરેજી મહારાજ**

શ્રીમદ્ ભાગવતનો મુખ્ય વિષય છે કપટ વિનાનો ધર્મ. વૈષ્ણવની ભક્તિ નિષ્કામ હોય છે. ધર્મમાં કોઈ પણ લૌકિક સુખની ઈચ્છા રખાય એ કપટ છે. તમે કંઈ પણ સત્કર્મ કરો તેનું ફળ તમને જરૂર મળવાનું છે, પરંતુ કોઈ પણ જાતની અપેક્ષા રાખીને કરો તો તે કપટ છે. સત્કર્મ પરમાત્માને પ્રસન્ન કરવા માટે કરો.

તમારી ઈચ્છા હોય કે ન હોય, કર્મનું ફળ અવશ્ય મળે છે, પણ લૌકિક ફળની અપેક્ષા રાખનારનું મન અશાંત રહે છે. **અશાંતિનો જન્મ અપેક્ષાથી થાય છે.** કથામાં અનુકૂળ જગ્યા ન મળે તો પાંચદસ મિનિટ હૈયું બાળનાર લોકો પણ હોય છે. તમારા હૃદયમાં નારાયણનો વાસ છે. લક્ષ્મીજીના પતિ તમારા હૃદયમાં વિરાજ્યા છે. પછી બીજું શું જોઈએ ?

સત્કર્મ કોઈ પણ અપેક્ષા રાખ્યા વિના કરો, ભક્તિનું ફળ ભોગ નથી, સંસારસુખ નથી, સંપત્તિ નથી કે સંતતિ પણ નથી. ભક્તિનું ફળ પૈસો પણ નથી. ભગવાન સાધન નથી. ભગવાન સાધ્ય છે. ભગવાન પાસે કંઈ પણ માગો તો ભગવાન સાધન થયા. ભગવાને આપણી ઘણી મનોકામનાઓ પૂર્ણ કરી છે, પણ માનવીની કામનાઓનો અંત જ આવતો નથી.

તમારી આંખ તમે ભગવાનને આપો. તમે જેને આંખ આપશો તેને તમારું મન પણ આપવું જ પડશે. જગતમાં જોવા લાયક એક પરમાત્મા શ્રીકૃષ્ણ જ છે. સંતો જગતને જુએ છે, પણ ઉપેક્ષાથી જુએ છે. સંતનાં આંખ-મન પરમાત્માને અર્પણ થયેલાં હોય છે.

પરમાત્માનો સ્વભાવ માના જેવો છે. બાળક મા પાસે ઘણું ઘણું માગે છે, તોપણ મા બાળકના હિતમાં હોય એટલું અને ત્યારે જ આપે છે. મા વિવેક રાખે છે. એમ પરમાત્મા પણ તમારા હિતમાં જેટલું અને જ્યારે હોય તેટલું જ ત્યારે આપે છે. ભગવાન અતિ ઉદાર છે, બહુ પ્રેમાળ છે. તમારી લાયકાત કરતાં પ્રભુએ તમને વધારે આપ્યું છે, એ વાતનો મનથી સ્વીકાર કરો.

નિષ્કામ ભક્તિમાં અતિ આનંદ છે. વૈષ્ણવો પ્રભુ પાસે મુક્તિ પણ માગતા નથી. માગવાથી પ્રેમ ઓછો થાય છે. પ્રેમમાં લેવાની ઈચ્છા થતી નથી, પણ સર્વ સમર્પણ કરવાની ભાવના હોય છે. જ્યાં ભક્તિ છે ત્યાં ભગવાન છે. ભગવાન ભક્તોના ઋણમાં જ રહે છે.

જેને ઉઘાડી આંખે જગત દેખાય તે આંખ બંધ કરીને જ્યોતનું ધ્યાન કરે. જોકે ઉઘાડી આંખે જેને સર્વમાં પરમાત્મા દેખાય એની જ ભક્તિ સાચી, એનું જ જ્ઞાન સાચું.

ગોપીઓને સર્વત્ર શ્રીકૃષ્ણ જ દેખાય છે. ઉદ્ધવે જ્યારે કહ્યું કે શ્રીકૃષ્ણ મથુરામાં વિરાજ્યા છે ત્યારે ગોપીનો જવાબ હતો કે મારા કૃષ્ણ તો સદાય મારી સાથે જ રહે છે.

નિષ્કામ ભક્તિ એ ભાગવત શાસ્ત્રનો મુખ્ય વિષય છે. ભક્તિનું ફળ ભોગ નહિ પણ ભગવાન છે. ભક્તિ કરનારને આનંદમય ભગવાનનો અનુભવ થાય છે. ભક્તિનો અધિકાર સૌ કોઈને છે. જ્ઞાનનો અધિકાર સર્વ કોઈને નથી.

'શ્રીમદ્ ભાગવત રસામૃત', ૧૯મી આ. પૃ.૪૭ ❑

# (૧૧) પંચીકરણ

શ્રીરામબાવા

*(ફેબ્રુઆરી, ૨૦૧૭ ‘હરિભાવ’માંના લેખ ‘પંચમહાભૂત’ના અનુસંધાને આ લેખ છે - સંપાદક)*

મુખ્ય પંચમહાભૂત છે. ઈશ્વર ઇચ્છાથી તે દરેકના પાંચ પાંચ ભાગ થઈને કુલ પચીસ તત્ત્વો થાય છે. તેથી એ પંચીકરણ કહેવાય છે. પાંચ મહાભૂત અને પછી પંચીકરણના પ્રકારથી તે એકઠાં મળે છે ત્યારે તેમાંથી સ્થૂળ દેહ બને છે.

પંચમહાભૂતના બે બે ભાગ કરવા. તેમાંથી એક ભાગ કાયમ રાખી બાકીના ભાગના ચાર ચાર ભાગ કરવા. કાયમ રાખેલા ભાગમાં દરેક ભૂતનો આઠમો આઠમો ભાગ મેળવવો. દા.ત., પૃથ્વી પૂર્ણ તત્ત્વને સોળ અંશવાળી કલ્પીએ. ગણીએ તો તેના આઠ આઠ અંશના બે ભાગ કરવા. તે પૈકી એક ભાગ કાયમ રાખવો અને બીજો જે આઠ ભાગનો રહ્યો તેના બબ્બે અંશના ચાર ભાગ કરવા, એવી જ રીતે જળ, તેજ, વાયુ અને આકાશના ભાગ કરવા. હવે પૃથ્વીના આઠ અંશવાળા ભાગમાં બે અંશવાળો જળના ભાગ, બે અંશ તેજનો ભાગ, બે અંશવાળો વાયુનો ભાગ અને બે અંશવાળો આકાશનો ભાગ મેળવતાં આમ સોળ અંશ પૂરા થવાથી પાર્થિવ શરીર બંધાય છે. નીચેના કોષ્ટકથી આ સમજાશે.

| પંચમહાભૂત | પૃથ્વી | જળ | તેજ | વાય | આકાશ |
|---|---|---|---|---|---|
| પૃથ્વી | અસ્થિ ૮ | શોણિત ૨ | આળસ ૨ | આકુંચન ૨ | કટ્યાકાશ ૨ |
| જળ | માંસ ૨ | શુક્ર ૮ | કાન્તિ ૨ | ચલન ૨ | ઉદરાકાશ ૨ |
| તેજ | નાડી ૨ | મૂત્ર ૨ | ક્ષુધા ૮ | વલન ઉત્ક્રમણ ૨ | હૃદયાકાશ ૨ |
| વાયુ | રોમ ૨ | સ્વેદ ૨ | તૃષા ૨ | ધાવન ૮ | કંઠાકાશ ૨ |
| આકાશ | ત્વચા ૨ | લાળ ૨ | નિંદ્રા ૨ | પ્રસારણ ૨ | શિરાકાશ ૮ |

કોષ્ટકનો ખુલાસો :

(૧) પૃથ્વીના મુખ્ય તથા પેટા ભાગનો ખુલાસો

અસ્થિ : હાડકાં પૃથ્વીની પેઠે કઠણ હોય છે. એટલે એને પૃથ્વીનો અડધો ભાગ સમજવો. શોણિત એટલે લોહીનો રંગ રાતો છે તેથી તે પૃથ્વીનો ભાગ છે, પણ જળમાં ભળ્યો એટલે જળનું તત્ત્વ ગણાય છે. આળસ એમાં પૃથ્વીની પેઠે જડતા હોવાથી તે પૃથ્વીનો ભાગ છે, પણ એ તેજમાં ભળ્યો. તેથી તેજનું તત્ત્વ ગણાય છે. આકુંચન એટલે સંકોચન પૃથ્વીની પેઠે જડતાનો હેતુ છે. માટે એ પૃથ્વીનો ભાગ છે, પણ વાયુમાં મળ્યાથી વાયુનું તત્ત્વ ગણાય છે. કટ્યાકાશ એ મળને રાખે છે. મળ એ પૃથ્વીનો ભાગ છે તેથી આકાશનું તત્ત્વ કહેવાય છે.

(૨) જળ :

શુક્ર એટલે વીર્ય એ જળનો મુખ્ય ભાગ છે કેમ કે જળ ધોળું છે અને ઝાડ-પાલા વગેરેને ઉત્પન્ન કરે છે. માટે એ જળનો અડધો ભાગ છે અને બાકીના અડધામાં માંસ, કાન્તિ, ચલન અને ઉદરકાશ છે. માંસ એ જળની પેઠે દ્રવીભૂત હોવાથી જળનો ભાગ છે, પણ પૃથ્વી તત્ત્વો સાથે મળવાથી પૃથ્વીનું તત્ત્વ ગણાય છે. કાન્તિ એ જળનો ભાગ છે, કારણ કે જળના સંબંધથી કાન્તિ બદલાઈ જાય છે, પણ તે તેજના તત્ત્વ મળી એટલે તેજનું તત્ત્વ ગણાય છે. ચલન એ

જળની પેઠે ચલાયમાન થતું હોવાથી જળનો ભાગ છે, પણ આકાશને મળવાથી આકાશનો ભાગ ગણાય છે.

(૩) તેજ

ક્ષુધા એ તેજ એટલે અગ્નિનો મુખ્ય ભાગ છે, કેમ કે જઠરમાં અગ્નિ પ્રબળ છે તેથી ભૂખ લાગે છે. બાકીનાં નાડી, મૂત્ર, વલન અને હૃદયાકાશ અનુક્રમે પૃથ્વી જળ, વાયુ અને આકાશનાં તત્ત્વો છે. નાડીથી જ્વરની પરીક્ષા થાય છે. માટે એ તેજનો ભાગ છે, પણ પૃથ્વીનાં તત્ત્વો સાથે મળવાથી પૃથ્વીનું તત્ત્વ ગણાય છે. વલન એની અગ્નિની પેઠે ઊર્ધ્વગતિ છે, માટે એ તેજનું તત્ત્વ છે પણ તે વાયુને મળ્યું તેથી વાયુનું તત્ત્વ ગણાય છે. હૃદયાકાશ એમાં નિરંતર ઉષ્ણતા રહે છે, તેથી તે તેજનો ભાગ છે, પણ તે આકાશને મળવાથી આકાશનો ભાગ ગણાય છે.

(૪) વાયુ :

ધાવન-એ વાયુનો મુખ્ય ભાગ છે. વાયુનો દોડવાનો વેગ વધારે હોય છે, માટે તે વાયુનો અડધો ભાગ છે. બાકીના અડધા ભાગમાં ત્વચા સ્વેદ, તૃષા અને કંઠાકાશ છે. તે અનુક્રમે પૃથ્વી, જળ, તેજ અને આકાશમાં મળ્યાં છે તેની વિગતઃ

ત્વચા - એટલે ચામડીથી સ્પર્શ થાય છે. તેથી વાયુનો ભાગ છે, પણ એ પૃથ્વી તત્ત્વ સાથે મળવાથી પૃથ્વીનું તત્ત્વ ગણાય છે.

સ્વેદ - એટલે પરસેવો ઘણા શ્વાસોશ્વાસથી થાય છે માટે એ વાયુનો ભાગ છે. પણ એ જળતત્ત્વ સાથે મળ્યો તેથી જળનું તત્ત્વ ગણાય છે.

તૃષા - એટલે તરસ વાયુનું શોષણ થવાથી લાગે છે. માટે વાયુનો ભાગ છે, પણ એ તેજના તત્ત્વ સાથે મળે છે એટલે તેજનું તત્ત્વ ગણાય છે. કંઠાકાશ - એ વાયુને જવા-આવવાનું સ્થાન છે. માટે એ વાયુનો ભાગ છે, પણ આકાશના તત્ત્વ સાથે મળ્યો તેથી આકાશનો ભાગ ગણાય છે.

(૫) આકાશ :

શિરાકાશ એ આકાશનો મુખ્યભાગ છે, કેમ કે માથામાં જે પોલાણ છે તે આકાશને લીધે છે. એ આકાશનો અડધો ભાગ છે. બાકીના અડધા ભાગમાં રોમ, લાળ, નિદ્રા અને પ્રસરણ તે અનુક્રમે પૃથ્વી, જળ, તેજ અને વાયુમાં ભળ્યાં છે. તેની વિગત :

રોમ : એટલે રૂંવાડાં આકાશનો આઠમો ભાગ છે, પણ પૃથ્વી તત્ત્વ સાથે મળ્યાથી તે પૃથ્વીનું તત્ત્વ ગણાય છે.

લાળ : એ શિરાકાશમાંથી નીચે આવે છે. જળ તત્ત્વ સાથે મળી તેથી તે જળનું તત્ત્વ ગણાય છે.

નિદ્રા : એ આકાશની પેઠે શૂન્ય સ્વભાવવાળી છે. તે તેજતત્ત્વની સાથે મળેલી હોવાથી તેજનું તત્ત્વ ગણાય છે.

પ્રસરણ : એમાં આકાશની પેઠે વ્યાપક હોય છે. તે વાયુ તત્ત્વ સાથે મળ્યાથી વાયુનું તત્ત્વ ગણાય છે.

એ રીતે પંચીકૃત પંચમહાભૂતમાંથી પચીસ તત્ત્વોનો આ સ્થૂળ દેહ બન્યો છે. આ સર્વ તત્ત્વો પંચભૂતનું કાર્ય કરે છે. આત્મા તેનાથી ન્યારો છે. ઊંડો વિચાર કરવાથી પચીસ તત્ત્વના સમુદાયરૂપ સ્થૂળ દેહ સાથે આત્માને કોઈ સંબંધ નથી. માટે એમાંથી અહંતા-મમતા છોડી દેવી. ખરું જોતાં 'દેહ' એ નામ કેવળ કલ્પના માત્ર છે.

ઈંટો, માટી, લાકડાં વગેરે જોડ્યાથી તેના સમુદાયનું નામ ઘર પડ્યું, પણ તે સર્વેને જુદાં કરી નાખીએ તો પછી ઘર કાંઈ દેખાતું નથી. એ જ રીતે 'દેહ' નામ સત્ય નથી.

આ થઈ સ્થૂળ દેહની વાત.

'શ્રીરામબાવાકૃત પંચીકરણ' બી.આ. પૃ.૧૨૦ ❑

## (૧૨) મૌનમંદિરથી શાળાના ઓરડા સુધી

જિતેન્દ્ર દેસાઈ

જુલાઈ મહિનાના તીખા તાપમાં, નડિયાદ કપડવંજ રોડ પર, નડિયાદથી છ-સાત કિલોમિટર પરના હરિઃૐ આશ્રમના પાટિયા પાસે ઊતરી, શેઢી નદીનાં નાનાં કોતરિયાં વટાવી અમે હરિઃૐ આશ્રમના દરવાજામાં પગ મૂક્યો ન મૂક્યો ત્યાં આશ્રમના ઘેઘૂર વડલા નીચે સામેના ટેબલ પર પગ લંબાવી ઉઘાડે ડિલે ખેસ નાખી બેઠેલા શ્રીમોટાએ અમને આવકારતાં કહ્યું, 'આવો તારાબોન, બહુ આનંદ થયો. તમને બન્નેને સાથે જોઈને !' તારા તેમના પગે પડી ને તેમણે તેને આશીર્વાદ આપ્યા. હું પણ તેમને પગે લાગ્યો ને ઊભો થવા જાઉં છું ત્યાં તેમણે મારો હાથ પકડી લીધો. મને એક ચમકારાનો અનુભવ થયો ને એક ઝણઝણાટી શરીરમાંથી પસાર થઈ ગઈ. **અમારી આ પહેલી મુલાકાતમાં તેમણે જે હાથ પકડ્યો, તે હજુ સુધી છોડ્યો નથી.** મારા જેવા ઘણાનો હાથ પકડીને તેમના જીવનને સાચે રસ્તે લાવવાનું કામ તેમણે કોઈ પણ જાતના પ્રયાસ વગર સહેજે કર્યું છે. તેમની આવી કૃપાના ભાગીદાર અનેક 'સ્વજનો' આજે હયાત છે.

અમે વડ નીચે પાથરેલી જાજમ પર તેમની સામે બેઠાં. નડિયાદના સુખડિયા ગડબડદાસ ટોપલો ભરીને ચવાણું હરિઃૐ આશ્રમને પ્રસાદ તરીકે મોકલતા. એ પ્રસાદ અમે માણ્યો અને એ પ્રસાદ માણવાનું ચાલું હતું ત્યાં તેમણે અમારી સાથે આવેલા મારા સસરાને પૂછ્યું, 'ઈશ્વરભાઈ, મેં તમને એકાવન રૂપિયા તારાને આપવા માટે આપી રાખેલા તે તમે એને આપી દીધા ?' મારા સસરાએ હા પાડતાં કહ્યું, 'હા મોટા, આપી દીધા.' 'મોટા બેએક મિનિટ શાંત બેઠા. પછી મારા સસરાને કહ્યું, 'ઈશ્વરભાઈ, મેં તમને એકાવન રૂપિયા આપેલા તેને તો દસેક વર્ષ થઈ ગયાં. દસ વર્ષમાં તો મૂડી ત્રણ ગણી થઈ જાય, વ્યાજનું વ્યાજ ગણતાં જઈએ તો, એટલે તમારે તારાને બીજા ૧૫૩ રૂપિયા આપી દેવા જોઈએ.' મારા સસરાએ કહ્યું, 'મોટા, બરાબર છે, આપી દઈશ.' પણ મોટા કાંઈ એમ છોડે ? કહે, 'આપી દઈશ નહિ, અત્યારે જ આપી દો, બાકી શા માટે રાખવા !' ને મારા સસરાએ તેમની દીકરીના હાથમાં ૧૫૩ રૂપિયા ગણીને મૂકી દીધા.

વાત એમ હતી કે શ્રીમોટા જ્યારે હરિજન આશ્રમમાં રહી હરિજન સેવક સંઘના મંત્રી તરીકે કામ કરતા હતા ત્યારે તેમના સાથી નંદુભાઈનો દીકરો સિદ્ધાર્થ અને તારા રોજ તેમની પાસે ભણવા જતાં, મોટા તેમને ભણાવતા, લેસન કરાવતા. તે દિવસોમાં જ તેમની અધ્યાત્મયાત્રા પણ શરૂ થઈ ચૂકી હતી. તારાને દીકરી જેવી માનતા એટલે એનું લગ્ન થાય ત્યારે કન્યાદાન આપવા માટે એકાવન રૂપિયાની રકમ તેમણે હરિજન આશ્રમ છોડી નડિયાદ આશ્રમને સ્થિર થતાં પહેલાં મારા સસરાને આપી રાખેલી અને કહેલું કે 'કદાચ મારા વિચારો બદલાઈ જાય તેથી તારાને લગ્નપ્રસંગે કરવાનું કન્યાદાન આજથી કરી રાખું છું, તે પરણે ત્યારે મારા વતી કન્યાદાન કરી દેજો.' દીકરી પરના હેતની પ્રતીતિ કરાવતો સરકારી પોસ્ટકાર્ડ પર ફાફડા જેવા અક્ષરે લખેલો શ્રીમોટાનો આશીર્વાદનો પત્ર અમારાં લગ્ન પછી મળેલા આશીર્વાદમાં મોંઘેરા આશીર્વાદ હતા. પત્ર સાચવ્યો નથી, પણ તેની સ્મૃતિએ મને સદાય જાગ્રત રાખ્યો છે.

શ્રીમોટા અધ્યાત્મમાર્ગના પ્રવાસી, મુમુક્ષુ, નિર્ગુણ અને સગુણ બ્રહ્મના સાક્ષાત્કાર કરી ચૂકેલા સિદ્ધિ પુરુષ હતા, પરંતુ નાણાંના વહેવારમાં કોઈ સંસારી વાણિયાને ટપી જાય તેવી

કાળજીવાળા. પૈસાનો મોહ નહિ, પણ તેથી કાંઈ પૈસાનો પાઈએ પાઈનો સદ્‌ઉપયોગ ન થાય એવું થોડું જ કરાય ? સમાજ પાસેથી જ એક હાથે લીધું ને બીજા હાથે સમાજ-ઉપયોગી કામમાં આપી દીધું. જીવતેજીવત જે રકમ મળી તેનાં લેખાં પણ લાખોમાં હતાં. ત્રીસ વર્ષ પરના લાખ એટલે આજના તો કરોડ ! દાનની શરત એક જ : મૂડી અકબંધ રાખવાની ને વ્યાજ વાપરી નાખવાનું. વળી, વ્યાજ પણ જે ઉદ્દેશ માટે દાન આપ્યું તે માટે પૂરેપૂરું વાપરવાનું. દાન સ્વીકારનાર સંસ્થાએ વહીવટ માટે ટપાલ ટિકિટનો ખર્ચેય વ્યાજમાંથી પાડવાનો નહિ એવી પાકી શરત ! ગુજરાતી, હિંદી, ગણિત અને વિજ્ઞાનની પ્રતિભા-શોધ માટે લાખ લાખ રૂપિયા ફાળવવા, જુદાં જુદાં ક્ષેત્રની વૈજ્ઞાનિક શોધોને નવાજવા માટે ફિઝિકલ રીસર્ચ લૅબોરેટરીને લાખોનાં દાન આપ્યાં. ટૅક્સટાઈલ ક્ષેત્રે સંશોધન માટે અટીરાને દાન આપ્યું. દર્દ અને દવાના ઉત્કૃષ્ટ સંશોધન માટે ઑલ ઇન્ડિયા મેડિકલ કાઉન્સિલને દાન આપ્યું, ખારાં પાણીમાંથી મીઠું પાણી બનાવવાના સંશોધન માટે સૉલ્ટ ઍન્ડ મરીન રીસર્ચ લૅબોરેટરીને પણ શોધીને દાન આપ્યું, સસ્તાં રહેણાંક ઘરોની ડિઝાઇન અને સરંજામના સંશોધન માટે પણ દાન આપ્યું. સાહિત્યકારો માટે સાહિત્ય પરિષદને મદદ કરી, સમુદ્ર અને નદીમાં તરણ નૌકા હરીફાઈ યોજી. સાહસને બિરદાવવા ગુજરાત સરકારનેય દાન આપ્યું ! વિજ્ઞાનકોશ માટે ગુજરાત યુનિવર્સિટીને દસ લાખ આપ્યા તો એ કામ થયું પણ વિશ્વકોશ માટે પચાસ લાખનું દાન યુનિવર્સિટી સમયસર વાપરી ન શકી તેથી તેણે પરત કરવું પડ્યું ! આ બધાં દાન પાછળનો આશય અને ભાવના 'મારે સમાજને બેઠો કરવો છે'ના સંકલ્પમાં આવી જાય.

પોતે જ્યારે અધ્યાત્મના માર્ગે વળી સાધના આરંભી ત્યારે એકાંતમાં જઈ ઈશ્વરસ્મરણ કરતા રહેવા માટે એકાંત મળતું ન હતું અને તે માટે તેમને સ્મશાનમાં જવું પડતું. સગુણ-નિર્ગુણ બ્રહ્મના સાક્ષાત્કારની આ મથામણ તેમણે અનેક વિટંબણાઓ વચ્ચે રહીને કરી અને પોતાનું ધ્યેય સિદ્ધ કર્યું, પણ આજના યુગમાં સંસારી સ્ત્રી-પુરુષો આછી-પાતળીય સાધના કરવા નીકળે તો એકાંત ક્યાં શોધે ? હવે તો સ્મશાનોય શાંત વિસ્તારમાં રહ્યાં નથી. એટલે તેમણે મૌનમંદિરની યોજના અમલમાં મૂકી. મૌનમંદિર એટલે આજની ભાષામાં ઍટૅચ્ડ ટૉઇલેટ અને બાથરૂમવાળો મોટો ઓરડો. ઉપર ઘુંમટ બનાવી દીધો એટલે થઈ ગયું મૌનમંદિર. તેને દરવાજે અંદર-બહાર બન્ને તરફ ખૂલતી બારીવાળું પ્લૅટફૉર્મ મૂકી દીધું. બહારની બારી ખોલી વસ્તુ પ્લૅટફૉર્મ પર મૂકી દેવાની અને મૌનમંદિરમાં બેસનાર અંદરની બારી ખોલી વસ્તુ લઈ લે. સવારની ચા, ગરમ પાણીની ડોલ, પૂજા માટે તાજાં ફૂલ, બપોરનું ખાણું, બપોરની ચા, સાંજનું વાળુ, બધું આ બારીએથી મળે. મૌનમંદિરમાં બેસનાર બહારના કોઈના સંપર્કમાં ન આવે, માત્ર સ્મરણ કરે કે જે ઇષ્ટદેવનું સ્મરણ કરવું હોય તેમાં રત થઈ જાય. એકાંતમાં જાતને જુએ, ઓળખે ને સમજ મુજબ સુધરવા મથે. મૌનમંદિરમાં બેસનારા ઓછામાં ઓછું એક અઠવાડિયું, રવિવારની પરોઢથી બીજા રવિવારની પરોઢ સુધી મૌનમાં બેસે છે. આ એક વર્ણવી ન શકાય તેવો માણવા જેવો અનુભવ છે. મન થઈ આવે તોય તરત બુકિંગ મળે તેમ નથી.

સિદ્ધ પુરુષ પાસે સંસારીઓ આધ્યાત્મિક વિકાસના માર્ગદર્શન માટેય આવે ને સંસારની માયાની ગૂંચો ઉકેલવાય આવે. નડિયાદ આશ્રમમાં ઘેઘૂર વડલા નીચેના હીંચકે મોટા

બેઠા હોય ત્યારે સ્વજનો જે સવાલ પૂછે તેનો તડ અને ફડ જવાબેય આપે અને અમુક વખત કાંઈ ન બોલતાં મૌન પણ રહે. એક બહેન આવ્યાં ને કહે, મારાં એક સગાં ખૂબ દાઝી ગયા છે. શું થશે, બચી જશેને ? મોટા કંઈ ન બોલ્યા. થોડા વખત પછી કહ્યું નામસ્મરણ કરતાં રહો ! કોઈ માને કે ન માને સિદ્ધ પુરુષ સ્વજનોનાં દુઃખ પોતા પર લઈ શકે છે. શ્રીમોટાનું શરીર છેલ્લાં વર્ષોમાં અનેક રોગોથી ભરેલું છે એમ પોતે કહેતા એવું નોંધાયેલું છે. તેમણે કેટલાંક સ્વજનોનાં દુઃખ ઉપાડી લીધેલાં, તે જાણીતી વાત છે.

હરિપ્રસાદ વ્યાસ નામના એક સ્વજને તેમને કહ્યું, 'મોટા, તમે તો સિદ્ધ છો, રોગ મટાડી દઈ શકો, તેને બદલે પોતા પર કેમ લઈ લો છો ?' મોટાએ જરા વિચારીને કહ્યું, 'હરિભાઈ, મટાડી દેવાય ખરું, પણ તે કરતાં ભોગવવું સારું.' કર્મનો સિદ્ધાંત વાંચનાર ને તેની વાતો કરનારે આ યાદ રાખવા જેવું છે.

તેમના અંતિમ દિવસની દિનચર્યા ને નોંધાયેલું વર્ણન વાંચતાં પ્રતીતિ થાય છે કે તેઓ ઈચ્છામૃત્યુને વર્યા હતા. દેહ છોડતાં પહેલાં પોતે દેહ ક્યાં છોડવો, કેવી રીતે છોડવો તેની જાણ તેમણે તેમની સાથે હતા તેમને કરી હતી. દેહાવસાન બાદ આવનારાં દાનના પ્રવાહની પણ તેમને જાણે બરાબર જાણ હતી. તેથી તેમણે લખીને આપ્યું હતું કે એવી રીતે જે રકમ આવે તેનો ઉપયોગ મારું ઇંટ-ચૂનાનું સ્મારક રચવામાં ન કરતાં જે ગામડામાં એક ખોરડાવાળી શાળા પણ ન હોય ત્યાં શાળાના ખોરડા બાંધવા માટે કરજો. તે મુજબ ગુજરાતના અઢાર જિલ્લામાં નવેક હજાર જેટલા ઓરડા એ દાન પ્રવાહમાંથી બંધાયા છે. એમાં વપરાયેલી રકમનો સરવાળો આઠ કરોડ જેટલો થાય છે.

શ્રીમોટાનો **'સાધનામર્મ'** આપણે દઢાવી શકીએ તે આશયથી તેનો કેટલોક અંશ અહીં ઉતાર્યો છે :-

'પ્રત્યેક વ્યક્તિ અને વસ્તુની ઊજળી બાજુ જુઓ. કોઈનાય કાજી ન થાઓ, કશાય ઉપર ઝટ અભિપ્રાય ન આપો, વાદવિવાદ ન કરો, પોતાનો આગ્રહ ન રાખો, બીજાઓમાં શુભ હેતુઓનું આરોપણ કરો, માનસિક અને સાર્વત્રિક ઉદારતા જીવનમાં પ્રગટાવો, ખૂબ પ્રેમભાવ કેળવો, પ્રકૃતિનું રૂપાંતર કરવાનું છે તે લક્ષમાં રાખીને પ્રકૃતિવશ થતાં કર્મોની ઉપરવટ વર્તો, ફળની આસક્તિ છોડો, પોતાને થતા અન્યાયો-આવી પડતાં દુઃખો-આદિનું મૂળ પોતામાં જ છે એમ દઢાવો, ગુરુમાં પ્રેમભક્તિભાવ દઢતર કર્યા કરો, તાટસ્થ્ય, સમતા ને સમર્પણનો ત્રિવેણીસંગમ ઉદ્ભવાવો, સદાય પ્રસન્નતા પ્રવર્તાવો, કૃપા અને પુરુષાર્થના યુગલને જીવનમાં ઉતારો, પ્રત્યેક કર્મના આદિ, મધ્ય અને અંતમાં પ્રભુની સ્મૃતિ પ્રગટાવો, મન નિઃસ્પંદ કરો, રાગદ્વેષ નિર્મૂળ કરવાની જાગૃતિ રાખો, થયેલા આધ્યાત્મિક અનુભવો પ્રત્યક્ષ રોજિંદા વ્યવહારમાં જીવતા કરો, ક્યાંય કશામાંથી ભાગવાનું ન હોય, યદચ્છા જે આવી મળે તે પ્રભુપ્રસાદી ગણી ને તેને વધાવી લો. ક્યાંય કોઈની સરખામણી ના કરો, અનુકૂળ પ્રતિકૂળ પરિસ્થિતિ એ મનની ભ્રમણા છે, જીવનસાધના સારુ સર્વ કંઈ જ સાનુકૂળ જ હોય છે, પ્રભુમય તેના મૂકયંત્ર-થવાની જ બેસ એક ઉત્તેજના હવે જીવનમાં રાખો.'

આ 'સાધનામર્મ' વાંચવાનુંય મોટા ફંડફાળા કરવા કરતાં અઘરું લાગે તેવું છે, પરંતુ સાચું આ છે, સમજાય તેટલું ને જીવનમાં ઉતારાય તેટલું.

'હરિભાવ ડિસે.૧૯૯૭'માંથી સાભાર ❑

## (૧૩) નર્મદા પરિક્રમા : અનુભવ અને ચિંતન

સ્વામી પ્રેમાનંદજી

*(ગતાંકના અનુસંધાને...)*

...ભીલાડ ગામે એક દુકાનદારે અમને ચોખા અને દાળ આપ્યાં. ઘણા દિવસે અમે દાળ-ભાતનો સ્વાદ માણ્યો. આગળ હતની સંગમ પાસે એક મોટા મનનો માણસ પરિક્રમાવાસીઓની સારી સેવા કરે છે એમ સાંભળેલું એટલે એ સ્થાને પહોંચવાની ઉતાવળમાં હતા, પણ રસ્તો કઠિન હતો, કાંટાઓને લીધે માંડ પાંચસાત માઈલ ચલાતું હતું. વળી, ભીલોનો ભય પણ મનમાં ઘોળાતો હતો.

ભીલો દ્વારા લૂંટાવાના અનુભવ માટે અમે રાહ જોતા હતા. ભીલો માટે અમે મુંબઈથી જૂનાં કપડાં, સોય, દોરા, કેટલાંક વાસણ એવું સાથે રાખીને ઉપાડીને આવ્યા હતા.

હતની નામની મોટી નદી પહાડોમાંથી આવીને નર્મદાજીમાં ભળે છે. અમે રસ્તો ભૂલ્યા. એક ભીલ બાઈ મળી. અમે હાથ જોડીને વિનંતી કરી. તે દયાળુ માતા અમને પેલા મોટા મનના દુકાનદારને ત્યાં મૂકી ગઈ. અહીં પૂરતાં સીધુંસામાન મળ્યાં. રસોઈ બની, આરોગી પોઢી ગયા. કોઈ શું આપે છે તેની કિંમત નથી પણ આદર-આવકાર કેવાં આપે છે તેની કિંમત છે.

આગળ ચિખલદામાં જાબવા જિલ્લાનું પોલીસ થાણું છે. અમે પૂર્વનિર્ધારિત માર્ગે આગળ વધતા હતા. ત્યાં ભીલોના છોકરાંઓનું એક ટોળું આવ્યું. અમને ઘેરી વળ્યું એ માત્ર એટલું જ બોલતા હતા. 'મૂક...મૂક...મૂક...' મેં કહ્યું, 'મામા રામરામ.' તે હસવા લાગ્યા. અમે પોટલાં મૂકી આઘા ખસી ગયા. છોકરા-છોકરીઓ અમારો સામાન ફેંદતાં હતાં. જેને જે મળ્યું તે લઈ હાલતાં થયાં. એક છોકરાને મેં બોલાવ્યો. મહાપરાણે આવ્યો. તેના હાથમાં હતું તે તીર-કમાન મેં લઈ કામઠું ખેંચવાનો પ્રયત્ન કર્યો. મારા કહેવાથી એક છોકરાએ બે-ત્રણ તીર છોડી બતાવ્યાં.

ભીલ લોકોમાં એવી રીતે છે કે એક જ વખતે બધું લૂંટી ન લે. વધ્યું-ઘટ્યું લઈ અમે ચાલતા થયા. બીજી ટોળી મળી. એણેય હાથ અજમાવ્યો. આગળ ત્રીજી ટોળી મળી. એમણે ખાલી થેલા લઈ લીધા. પાણી માટે અમારી પાસે એક ડાલડાનો ડબ્બો હતો, તે પણ લઈ ગયા. એ ડબ્બો અમારે મન બહુ કિંમતી હતો. એમાં અમે દાળ બનાવતાં, પાણી સાચવતા,સંડાસ લઈ જતા, ભિક્ષા એમાં ભેળી કરતાં. હવે અમારે અંગે માત્ર એક-એક કટિવસ્ત્ર જ હતું. એક હાથમાં લાકડીમાં મેં એક સોંય છુપાવી રાખી હતી. રસ્તે ચાલતાં કાંટા વાગે તે કાઢવા માટે એ સોય અમારી ખરી સહાયક હતી. કાંટા ન કાઢીએ તો આગળ ચલાય જ નહિ.

આગળ જતાં કમલદાસજી નામનો સાધુ ભભૂત લગાડેલો, કમરે કંદોરો ને કોપીન, ચમકતી આંખો વાળો મળ્યો. બાવાજી બોલ્યા, 'આ ભીલો મારી પાસે આવી શકતાં નથી. તમારા જેવા માટે જ ફરે છે. અહીંથી થોડા આગળ જશો એટલે તમારી આ પોતડી પણ પડાવી લેશે.'

આજે એકાદશી હતી. ખાવા અન્ન ન મળે ત્યાં ફળાહારની તો આશા જ ક્યાંથી રખાય, પણ બાવાજીએ બે કિલો જેવી માંડવી-શિંગદાણા અને ગોળ આપ્યા. આ પ્રભુની કૃપા નહિ તો બીજું શું ? ગીતા ખરે જ કહે છે, યોગક્ષેમમ્ વહામિ અહમ્.

અમે તો ફળાહાર પર તૂટી પડેલા જ્યારે આ બાવાજી તો રેતીમાં ચારેબાજુ છાણાં પેટાવી પંચ ધૂણી તપવા બેસી ગયા. માથે વૈશાખનો ધોમધખતો સૂરજ, ચારેબાજુ સળગતાં છાણાં,

ધન્ય છે એની તિતિક્ષાને. સાંજ પડે એક ઊજળિયો આદમી આવ્યો. હાથમાં પાંચછ લિટર દૂધનું દેગડું હતું. સીતારામ કહી દેગડું નીચે મૂક્યું. તેણે કહ્યું કે અમે મૂળ કાઠિયાવાડી ચારણ માલધારી. સો વરસથી વધારે સમયથી અમે અહીંયાં આવી વસ્યા છીએ. ભીલો અમારી સાથે સંપ રાખે છે. અમને રંજાડતા નથી. રાત્રિ સત્સંગ ને સંત-સંગમાં વીતી ગઈ.

સવારે જય રામજી કરી અમે ચાલતા થયા. હજી થોડે દૂર ગયા ત્યાં પેલા ભીલ લોકો મળ્યા. સાચે જ અમારું એકમાત્ર આવરણ કટિ વસ્ત્ર પણ લઈ ગયા. હવે અમે સાવ વસ્ત્રહીન દિગંબર બની ગયા. નાગોડિયાં બાળકો જેવા અમે આનંદ-મંગળ કરતા ચાલતા હતા. હવે અમે સાવ નિર્ભય બન્યા હતા. લૂંટાયા પછી શો ભય ? આથમ્યા પછી શું અસર ? લૂંટાવાનો પણ એક આનંદ છે. અમારે ભૂલવાનું, સંભારવાનું, ધ્યાન રાખવાનું એવું કાંઈ નહોતું. અમારી જાત સિવાય અમારું કહેવાય તેવું કાંઈ ન રહ્યું. ભૂખ લાગે ત્યારે ભીલોની છાપરીએ જતા. અમને આ હાલતમાં જોઈ તેઓ મજાક કરતાં, કોઈ દયા ખાતાં. ભિક્ષામાં લોટ મળે તો પાણા પર લોટ બાંધીને છાણામાં એમ જ શેકી ખાતા. ગરુડેશ્વરમાં જે સાંભળેલું તે બધું, તેથીયે વધુ અમે અનુભવ્યું, તેનો સંતોષ હતો. આ માર્ગે અમને ઘણું ઘણું જાણવા ને માણવા મળ્યું એમ કહી શકાય.

હવે ડુંગરા નાના થતા જાય છે. સાંકડી ખીણ પહોળી થતી જાય છે. વાતાવરણ હળવું બનતું જાય છે. ભયમુક્ત બનતું જાય છે. એમ કરતાં કરતાં અમે કોટેશ્વર પહોંચી ગયા. આ સ્થળ મેદાનમાં છે. પાછું વાળીને જોઈએ તો દૂર દૂર પેલી ટેકરીઓ 'આવજો' કહેતી હોય એમ દેખાય.

કોટેશ્વરના સંન્યાસીએ એમનું ઉપવસ્ત્ર મને આપ્યું. હું ફરી ભગવા વસ્ત્રમાં લપેટાઈ ગયો. મિત્રોને પણ યથાયોગ્ય વસ્ત્ર મળી ગયાં. જ્ઞાનની વાતો વાંચીએ અને જીવનમાં અનુભવીએ એમાં ઘણો ફરક પડે છે. અમારી આ યાત્રા અમને ઘડતી હતી. **જીવની યોગ્યતા કરતાં ઈશ્વર વધારે આપે છે ને સાચવે છે.** ઇંદ્રિયો પોતપોતાના વિષયને બહારથી સ્પર્શતા આનંદનો અનુભવ કરે છે, પણ વિષયો તો અનિત્ય છે. ઇંદ્રિયો જ્યારે અંતર્મુખ થાય, ત્યારે સાચા પ્રેમનો, આનંદનો ઝરો હાથ લાગે છે. લૂંટાઈ ગયા પછી અમારો દેખાવ અવધૂત મહાત્મા જેવો હતો. મનમાં જરાય ભય કે દુઃખ નહોતું પણ અલગારી-ફકીરીની જે મસ્તી ચડવી જોઈએ એનો અભાવ હતો.

એવો એક પણ દિવસ નથી ઊગ્યો કે આઠ-દસ કાંટા ન વાગ્યા હોય. ભોજનની અનિયમિતતા, માર્ગનો થાક છતાંય ક્યારેય એવું નથી લાગ્યું કે આ યાત્રામાં આવવાની મેં ભૂલ કરી છે. આગળ ચિખલદા આવ્યું. અહીં નર્મદાજી ઉપર મોટો પુલ છે. સામે રાજઘાટ બડવાણી છે. ચિખલદા-મધ્યપ્રદેશનો ધાર જિલ્લો છે. નર્મદાજીનું નિર્મળ નીર-સપાટ કિનારો - નાહવા ધોવાની સારી સગવડ રહે છે. આખા ગામના લોકો અહીં જ નાહવા-ધોવા આવે છે.

એક શિવાલયમાં-સદાવ્રતમાંથી સીધું સામાન મળી ગયું. લોકો અમારા અનુભવ સાંભળે છે. મારી આંખે સાડાનવ નંબરનાં ચશ્માં લાગે છે. છતાં વગર ચશ્મે મેં ભીલવાડો પાર કર્યો એ સાંભળી સૌને આશ્ચર્ય થતું હતું.

ગરુડેશ્વર મોટર રસ્તે જઈ ટાટીયા બાવાને ત્યાં રાખેલ અમારો સામાન હું લઈ આવ્યો.

હવે અમે નર્મદાજીને કિનારેથી દૂર ઉત્તર તરફ માંડવ ગઢ જઈ રહ્યા છીએ. (ક્રમશઃ)

'શ્રી નર્મદામૈયાની પરિક્રમા' બી.આ. પૃ.૪૫ ❑

## (૧૪) તમારા પ્રારબ્ધના ઘડવૈયા તમે પોતે જ છો

**શ્રીમાન વિશ્વવંદ્ય**

...મને જે સુખ અથવા દુઃખ મળ્યું છે અથવા હવે પછી મળશે, તે મને મારા પ્રારબ્ધથી જ મળ્યું છે, એમ સર્વ મનુષ્યો કહે છે, પરંતુ સુખ દુઃખને આપનાર આ પ્રારબ્ધને કોણ ઘડે છે એ તમે જાણો છો ?

...પ્રારબ્ધને ઘડનાર બહારની કોઈ પણ સત્તા નથી. લોકો જેને વિધાતા કે વિધાત્રી કહે છે તેવી કોઈ દૈવી અગમ્ય શક્તિ નથી. નિરંતર સ્મરણમાં રાખો કે **તમારા પ્રારબ્ધના ઘડનારા તમે પોતે જ છો.** જે સુખ કે દુઃખ હમણાં તમને મળ્યાં છે અને હવે પછી મળશે તેને ઉત્પન્ન કરનાર તમારા વિના બીજું કોઈ જ નથી.

...તમારા શરીરની, તમારી વાણીની અને તમારા મનની પ્રત્યેક ક્ષણે જે ક્રિયા તમે કરો છો, તે ક્રિયા વડે જ તમારું પ્રારબ્ધ ઘડાય છે. આજે જે સુખદુઃખને તમે ભોગવો છો, તેને ઉપજાવનાર પ્રારબ્ધને આજની ક્ષણપૂર્વે કરેલી શારીરિક, વાચિક અને માનસિક ક્રિયા વડે તમે રચ્યું હતું અને હવે પછી જે સુખદુઃખ તમે ભોગવશો તેને પ્રગટાવનાર પણ તમે જ તમારી આ ત્રિવિધ ક્રિયાથી હલ કરો છો.

...મનુષ્ય જેવો હોય છે અને જેવી ક્રિયા કરે છે, તે ઉપરથી તેનું પ્રારબ્ધ કેવું છે અર્થાત્ પૂર્વે તેણે કેવાં કર્મો કર્યાં છે, તેનો નિશ્ચય કરી શકાય છે. ભવિષ્યમાં તેનું પ્રારબ્ધ કેવું થશે, અર્થાત્ તે કેવો હશે અને કેવી ક્રિયા કરશે તે વર્તમાનકાળમાં જેવા તે વિચાર કરે છે, વાણી બોલે છે અને વર્તન રાખે છે, તે ઉપરથી નિર્ણય કરી શકાય છે.

...મનુષ્ય હાલ જેવો છે, તેવો તેને કોઈએ બનાવ્યો નથી. તે પોતે જ પોતાને પોતાની ક્રિયાઓ વડે જેવો તે પ્રકટ જણાય છે તેવો પ્રતિક્ષણ તે પોતાને બનાવે છે અને પોતાને મળેલો પોતાનો ઘાટ ઘડવામાં તે પોતાના ઉદ્દેશોને જ સર્વદા અનુસરે છે. જે શ્રેષ્ઠનું ચિંતન કરે છે, શ્રેષ્ઠની સિદ્ધિને માટે પ્રયત્ન કરે છે અને તેને જ માટે જે જીવે છે, તે શ્રેષ્ઠ જ થાય છે. નીચા ઉદ્દેશો ધરવાથી આપણી પ્રયત્નની શક્તિઓને આપણે નીચું સાધારણ કામ કરવાનું સોંપીએ છીએ.

આપણા શરીરમાં રહેતી પ્રત્યેક પ્રયત્નશક્તિ ક્રિયાવાન થઈને જેને ઉપજાવે છે તેને શાસ્ત્રો કર્મ કહે છે. આ કર્મો આપણી સાથે તાદાત્મ્યભાવને પામે છે, અર્થાત્ તેઓ આપણા રૂપ જ થઈ જાય છે. શાસ્ત્રો કહે છે કે આપણામાં કર્મસત્તા અને સ્વભાવસત્તા એવી બે સત્તાઓ રહેલી છે. આપણામાં જે કર્મસત્તા રહેલી છે તે ઉપર કહેલી પ્રયત્નશક્તિઓને જ પરિણામ છે.

આ કારણથી જ મનુષ્ય સર્વોત્તમ ઉદ્દેશને, લક્ષ્યને અથવા અભિલાષાને ધરે છે, તે પોતે સર્વોત્તમ થાય છે અને પોતાના ભાવિ પ્રારબ્ધને સર્વોત્તમ કરે છે. એકલો નિશ્ચય પ્રયત્નશક્તિઓને ક્રિયામાં જોડી શકતો નથી. મન જેની ઇચ્છા કરે છે, તેને જ ઉત્પન્ન કરવાની ક્રિયા પ્રયત્નશક્તિઓ કરે છે અને મનની ઇચ્છાઓ ઉદ્દેશને આધીન હોવાથી ઉદ્દેશ પ્રમાણે જ પ્રયત્નશક્તિઓ ક્રિયામાં જોડાય છે, અને પોતાના ભાવિ પ્રારબ્ધનું સર્જન કરે છે.

પરમેશ્વરરૂપ થવું અથવા બ્રહ્મરૂપે પોતાનો અનુભવ કરવો એનાથી શ્રેષ્ઠ, ઉદ્દેશ અન્ય કોઈ

નથી. પોતાનામાં સર્વજ્ઞત્વ અને સર્વશક્તિમત્વનો અનુભવ કરવો આપણો શ્રેષ્ઠ ઉદ્દેશ છે, પરમેશ્વરમય થવું એ સર્વોત્તમ ઉદ્દેશ છે.

હું બ્રહ્મ છું અથવા જગત બધું બ્રહ્મસ્વરૂપ છે એમ બોલ્યા કરવું અથવા નેત્ર મીંચી પ્રાતઃકાળે કલાક કે બે કલાક ધાર્યા કરવું એટલાથી જ ઉચ્ચ ઉદ્દેશ ધારણ કર્યો ગણાતો નથી.

દોષને, અપૂર્ણતાને, દુઃખને જોવાતું હોય અને તેમનું ચિંતન થતું હોય તે સમયે બ્રહ્મદર્શન નથી થતું. આથી, ઉચ્ચ ઉદ્દેશવાળાઓ પોતાના ઉચ્ચ ઉદ્દેશથી જે પ્રતિકૂળ હોય તેને કદી પણ જોતા નથી. સર્વત્ર શુભ જ વ્યાપ્ત રહેલું છે અને જે કંઈ જગતમાં બને છે, તે મારા કલ્યાણ માટે જ બને છે, એમ તેમનો દૃઢ નિશ્ચય હોય છે. એ કેવળ કલ્પનારૂપ હોતું નથી, પણ અનુભવથી બંધાયો હોય છે.

જેમ અંધકારમાં પ્રકાશ લઈ જવાથી અંધકાર અદૃશ્ય થઈ જાય છે, તેમ ઉચ્ચ ઉદ્દેશ ધરતાં દુઃખનો અભાવ થાય છે.

બીજી બધી બાબતોમાં મનુષ્યો પગથીએ ચઢે છે, પણ એક પરમાર્થના વિષયમાં જ તેઓ પગથિયાંની અગત્ય જાણે સ્વીકારતા ન હોય એમ જણાય છે, પરંતુ સત્કર્મથી મળ ટળ્યા વિના કે ઉપાસનાથી વિક્ષેપ ટળ્યા વિના તેઓ શ્રવણ, મનન, નિદિધ્યાસન કરવા પ્રવૃત્તિ કરે છે.

જીવનની ઉચ્ચ સ્થિતિ કાર્ય કરવાથી થાય છે, માત્ર ઘણી વાતોનો મગજમાં ખીચડો કરવાથી નહિ. ક્રિયા કરતાં-પ્રયત્ન કરતાં-પુરુષાર્થ સાધતાં, જ્ઞાન અને બળ ઉભયની પ્રાપ્તિ થતી જ રહે છે. ચાલવા માંડતાં બાળક ચાલવાનું શીખે છે, એટલું જ નહિ પણ ચાલવાનું નવું બળ પ્રાપ્ત કરે છે.

'વિશ્વવંદ્ય કિરણાવલી ચતુર્થ કિરણ', પ્ર.આ. પૃ.૧૩૦ ❑

**(અનુસંધાન પાન નં.૫ નું ચાલુ- ગુરુની શોધમાં...)**

પ્રસંગ મળેલો નહિ. તે પછી મકરસંક્રાંતિના દિવસે ૧૪, જાન્યુઆરી સને ૧૮૯૭ની સાંજે ખાંડ પાયેલા કાંગરાવાળા રંગબેરંગી તલ લઈને હું તેમને મળવા ગયો હતો. દક્ષિણમાં મહારાષ્ટ્રમાં સંક્રાંતિના દિવસના રિવાજ પ્રમાણે હું તલ લઈને ગયો હતો.

મારી ઉદાસીન વૃત્તિથી પેલા ગૃહસ્થોએ ગુરુશ્રીને વાકેફ કર્યા હતા. એટલે ગુરુશ્રીએ મને પૂછ્યું : 'કેમ તમારે લગ્ન કરવાની મરજી નથી કે શું ?' હું મૂંગો રહ્યો. તે ઉપરથી તેઓ બોલવા લાગ્યા, 'કેવળ વૈરાગ્ય કામનો નથી. વૈરાગ્યમાં પણ સ્મશાન વૈરાગ્ય, પ્રસૂતિ વૈરાગ્ય, પુરાણ વૈરાગ્ય વગેરે અનેક પ્રકારના વૈરાગ્ય છે, પણ તે ખરા વૈરાગ્ય નથી. વિવેકયુક્ત વૈરાગ્ય હોય, તો જ તે કાયમ રહે છે. સ્મશાન વૈરાગ્ય તો ફક્ત સ્મશાનભૂમિમાં રહેવા પર્યંત જ રહે છે. કોઈ પવિત્ર અંતઃકરણવાળાને તે ચારછ મહિના રહે છે. જ્યારે પૂર્ણ સંસ્કારી કોઈ યોગભ્રષ્ટ પુરુષને તે સદાકાળ રહે છે. પ્રધાનતાએ વિવેકબુદ્ધિ એ જ મુખ્ય છે, માટે મનુષ્ય શરીર ધારણ કરી, વિવેકબુદ્ધિનો ઉપયોગ કરી જ્ઞાન સંપાદન કરવું એ જ મનુષ્યનું મુખ્ય કર્તવ્ય છે.'

રોજ સવારે સાત વાગ્યે ગુરુજી પાસે જવાની મને અનુમતિ મળતાં તેમ જ તે દિવસનાં તેમનાં દર્શનથી મને ઘણો જ આનંદ થયો. તેમના તેજની મારા પર એવી છાપ પડી કે તે જ વખતે મેં મનમાં દૃઢ નિશ્ચય કર્યો, કે ગુરુ કરવા તો એમને જ કરવા અને તે દિવસથી મારા મનથી મેં એમને ગુરુ તરીકે માન્યા અને દરરોજ સવારે શ્રવણ કરવા તેમની પાસે જવા માંડ્યું.

'ધર્માલાપ', પ્ર.આ.માંથી સાભાર ❑

## 'હરિવાણી ટ્રસ્ટ'ને મળેલ ભેટ

-સંપાદક

| ક્રમ | સર્વેશ્રી નામ | ગામ | રકમ રૂ. |
|---|---|---|---|
| ૧. | વિવેક દેસાઈ પરિવાર : સદ્‌ગત માતુશ્રી તારાબહેન અને સદ્‌ગત પિતાશ્રી જિતેન્દ્ર દેસાઈના સ્મરણાર્થે જ્ઞાનદાન | અમદાવાદ | ૧૧,૧૧૧/- |
| ૨. | નીતિનભાઈ બી. રામી પરિવાર સદ્‌ગત પિતાશ્રી બાબુભાઈના સ્મરણાર્થે | અમદાવાદ | ૫,૦૦૦/- |
| ૩. | ઊર્મિલાબહેન જનાર્દનભાઈ ભટ્ટ : સદ્‌ગત શ્રી જનાર્દનભાઈના સ્મરણાર્થે | ગાંધીનગર | ૫,૦૦૦/- |
| ૪. | જગદીશભાઈ સી. મારફતીયા | સુરત | ૫,૦૦૦/- |
| ૫. | વ્યાસ પરિવાર, અમદાવાદની દીકરી અને જાની પરિવાર, અમદાવાદની ગૃહલક્ષ્મી એવી સદ્‌ગત મીનાક્ષીના સ્નેહસંભારણાં નિમિત્તે હસ્તે વ્યાસ પરિવાર | અમદાવાદ | ૫,૦૦૦/- |
| ૬. | શ્રીમતી લતાબહેન અનિલભાઈ શાહ સદ્‌ગત માતુશ્રી પુષ્પાબહેન દલાલની પુણ્યતિથિ (૧૫-૫) નિમિત્તે | મુંબઈ | ૩,૦૦૦/- |
| ૭. | શ્રી પ્રભુદાસ ડી. જાની, જન્મદિન તા.૩-૬ (૧૯૩૩) નિમિત્તે | અમદાવાદ | ૧,૧૧૧/- |
| ૮. | કુસુમબહેન અશોકભાઈ પટેલ પૌત્રી ચિ. પ્રિયાંશી નિકેશ પટેલ જન્મદિન ૩૦-૫ નિમિત્તે | નરોડા | ૧,૧૦૧/- |
| ૯. | અમૃતભાઈ જી. પંચાલ | કેનેડા | ૧,૦૦૧/- |
| ૧૦. | એક સેવક | અમદાવાદ | ૧,૦૦૦/- |
| ૧૧. | વિક્રમભાઈ મગનલાલ રામી : સદ્‌ગત બાબુભાઈ રામીના સ્મરણાર્થે | અમદાવાદ | ૫૫૫/- |
| ૧૨. | જ્યોતીન્દ્ર જે. મહેતા. પુત્ર ચિ. રોનકના જન્મદિન (૨૭-૬) નિમિત્તે | અમદાવાદ | ૫૦૧/- |
| ૧૩. | નીલા ચંદ્રકાંત અજમેરા- ચિ. પ્રિસા, ચિ. વિદિશા અને ચિ. આગમ પરીક્ષામાં ઉત્તિર્ણ થયા નિમિત્તે | સુરત | ૩૦૧/- |
| ૧૪. | શરદભાઈ કાંતિલાલ ડૉક્ટર | સુરત | ૩૦૧/- |
| ૧૫. | પદ્માબહેન મહેન્દ્રભાઈ શાહ સદ્‌ગત મહેન્દ્રભાઈ તલકચંદના સ્મરણાર્થે | અમદાવાદ | ૨૦૧/- |
| ૧૬. | દિનેશભાઈ એલ. પટેલ | નરોડા | ૨૦૧/- |
| ૧૭. | હંસાબહેન એમ. પટેલ | લવાછા | ૨૦૧/- |

ઉપરોક્ત સર્વે દાતાઓના અમો ખૂબ ખૂબ આભારી છીએ. - સંપાદક

॥ હરિઃૐ ॥

## ગયેલા આત્માને...

**હરિઃૐ આશ્રમ, નડિયાદમાં ટ્રસ્ટી / મેનેજિંગ ટ્રસ્ટી / પ્રમુખશ્રી તરીકે બે દાયકાથી સેવા આપી રહેલ શ્રી સનતભાઈ વી. પટેલનો ૭૫ વર્ષની વયે નડિયાદ ખાતે દેહાંત થયો છે. શ્રીહરિ ગતાત્માનું સર્વ પ્રકારે કલ્યાણ પ્રેરે એવી પ્રાર્થના છે.**

**-સંપાદક**



૧૮૮૫



૧૮૯૭



## શ્રીમાતાજી

અવતરણ : ૨૧ ફેબ્રુઆરી, ૧૮૭૮ દેહત્યાગ : ૧૭ નવેમ્બર, ૧૯૭૩

**HARIBHAV, JUNE - 2017**
"RNI No. of RNP is 65683/96
Registered under Postal Registration No. GAMC/1208/2015-2017
Valid upto 31st December -2017 issued by the SSPO's AHMEDABAD City Division,
Permitted to post at Ahmedabad PSO on 10th of every month"
Licence to post without Prepayment of postage No. CPMG/GJ/91/2017
valid upto 31-12-2017



## સ્ત્રીજાતિનો અનાદર ના કરો

સ્ત્રીજાતિને હંમેશાં માન આપો. સ્ત્રીમાં ગમે તેટલા દોષ હોય પણ તેના એક ગુણને પકડીને તેના વખાણ જ કરો - સાચી ભાવનાથી કરો. સ્ત્રી અને બાળક દુર્બળ પ્રકૃતિના હોય છે. એટલે વખાણથી એમને પ્રોત્સાહન મળે છે.

પુરુષને આદર આપવાથી એનો અહંકાર વધશે. સ્ત્રીને આદરમાન આપવાથી એનો ત્યાગ વધશે. તંત્ર સાધનનું વિધાન છે કે સ્ત્રીને ફૂલથી પણ ઘા ન કરવો. સ્ત્રીજાતિના અપમાન-અનાદરથી ગમે તેવો મોટો સિદ્ધ મંત્ર હોય તો તે પણ સફળ થતો નથી.

- સ્વામી શ્રીસદાશિવ

*'પ્રજ્ઞારસમાધુરી-ઉત્તરાર્ધ', પ્ર. આ., પૃ. ૩૯*

Printed and Published by PRABHUDAS D. JANI on behalf of HARIWANI TRUST and Printed at Sahitya Mudranalaya Pvt. Ltd., 55/15, City Mill Compound, Kankaria Road, Ahmedabad - 380 022 and published from Hariwani Trust,
B/5, Swastik Apartment, Narayannagar, Paldi, Ahmedabad - 380 007
Editor - PRABHUDAS D. JANI E-mail : hariwanitrust@gmail.com